Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir




પુસ્તક ૪૦ મું.

સંવત ૧૯૯૮

અંક ૨ જો.

સપ્ટેમ્બર

ભાદ્રપદ

પ્રકાશક,

શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## આ અંકમાં


| | |
|---|---|
| ૧. જિન સ્તવન . . . . | ૩૩ |
| ૨. બંધન . . . . . | ૩૪ |
| ૩. શ્રી વીરજિન સ્તવન . . . | ૩૫ |
| ૪. સાચું જીવન . . . . | ૩૬ |
| ૫. પરિશુદ્ધ–અપરિશુદ્ધ નયવાદ અને સર્વનયાશ્રિતની મધ્યસ્થતા . | ૩૮ |
| ૬. પર્યુષણ પર્વ–મહોત્સવ . | ૪૧ |
| ૭. નવતત્ત્વ પ્રકરણ . . . | ૪૨ |
| ૮. અમર આત્મમંથન . . | ૪૬ |
| ૯. 'ધર્મવીર ઉપાધ્યાય' માટે અભિપ્રાય | ૪૭ |
| ૧૦. મૃગાવતીની નિરાશા . . | ૪૮ |
| ૧૧. જૈનાગમ નિયમાવલી . . | ૫૧ |
| ૧૨. રત્નાન્યોક્તિ . . . | ૫૩ |
| ૧૩. સ્વીકાર સમાલોચના . . | ૫૪ |
| ૧૪. વર્તમાન સમાચાર . . | ૫૫ |


## નવા થયેલા માનવંતા સભાસદો.

| | | | |
|---|---|---|---|
| ૧. | શેઠ મનુભાઈ લલ્લુભાઈ જેઠાલાલ ઘડીયાળી | અમદાવાદ | લાઇફ મેમ્બર. |
| ૨. | શાહ હિંમતલાલ જયસુખલાલ રામચંદ | ભાવનગર | ,, |
| ૩. | શેઠ વૃજલાલ દીયાળજી | ,, | ,, |
| ૪. | કપાસી શિવલાલ મેઘજીભાઈ | ,, | ,, |


## તૈયાર છે ! તૈયાર છે ! !

## श्री बृहत्कल्पसूत्र : भाग ६ ट्ठो

( છેલ્લો ભાગ ) તૈયાર થઈ ગયો છે, બાઇન્ડીંગ થાય છે. વધુ વિગત આવતા અંકમાં આપવામાં આવશે.

## જાહેર ખબર

**નીચેના ગ્રંથો સિલિકમાં જૂજ છે; જેથી મંગાવનારે વેલાસર મંગાવવા.**

૧. દેવસિરાઇ પ્રતિક્રમણ વિધિ અર્થ સહિત ગુજરાતીમાં ... ... રૂા. ૦-૧૨-૦

૨. પંચપ્રતિક્રમણ વિધિ, અર્થ અને અનેક ઉપયોગી હકીકતો સહિત ગુજરાતીમાં રૂા. ૧-૮-૦

૩. પંચપ્રતિક્રમણ વિધિવિધાન, અર્થ અને અનેક ઉપયોગી હકીકત સાથે ( નિર્ણયસાગર પ્રેસ–મુંબઇમાં છપાયેલ ) શાસ્ત્રી ટાઇપમાં–સુંદર પાકા બાઇન્ડીંગ સહિત ... ... ... ... ... ... રૂા. ૨-૦-૦

( દરેકમાં પોસ્ટેજ અલગ. )


For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## શ્રી જૈન આત્માનંદ સભાના સર્વ માનવંતા સભાસદો તથા ગુરુભક્તોને

# ખાસ વિનંતિ.

ગયા અશાડ શુદિ ૧૦ ના રોજ પાટણ શહેરમાં પ્રવર્ત્તકજી શ્રી કાંતિવિજયજી મહારાજનો સ્વર્ગવાસ થયો છે. તેઓશ્રીએ આખું જીવન જૈન પ્રાચીન ભંડારોનો જીર્ણોદ્ધાર, પુનરુદ્ધાર, સંશોધન, સંગ્રહ અને નવા જ્ઞાનમંદિરોની સ્થાપના કરવા-કરાવવામાં તેમજ પ્રાચીન જૈન ભંડારો, પ્રાચીન જૈન સાહિત્ય અને જૈન ધર્મની અપૂર્વ સેવા કરવામાં જ વિતાવ્યું હતું. તેઓ સંતપુરુષ કહેવાતા હતા. આવા મહાન પુરુષનો આ સભા ઉપર પરમ ઉપકાર હોવાથી જ આ સભા આખી જૈન સમાજમાં અત્યારે પ્રથમ દરજ્જો ધરાવે છે, જે આ સભાના સર્વ સભાસદોએ ગૌરવ લેવા જેવું છે. તેથી આ મહાપુરુષનું સ્મરણ નિરંતર સચવાઇ રહે તે માટે તા. ૩૦-૭-૪૨ ના રોજ આ સભાની જનરલ મીટિંગે તે સંતપુરુષના સ્મારક માટે એક ફંડ કરવાનો ઠરાવ કરવામાં આવતાં આ સાથેના લીસ્ટમાં બતાવ્યા પ્રમાણે હાજર રહેલા સભ્યોએ પોતા તરફથી રકમ ફંડમાં ભરી છે. આ ફંડમાં જે રકમ થશે તે જામીનગીરીમાં રોકી તેનું વ્યાજ દર વર્ષે કેળવણી ઉત્તેજન અર્થે વાપરવું તેમ ઠરાવ કરવામાં આવ્યો છે.

હવે આપ સર્વ સભાસદ બંધુઓને વિનંતિ કરવાની કે આવા ગુરુભક્તિના અને કેળવણીને ઉત્તેજન જેવા સમયોચિત કાર્યોમાં આપ યોગ્ય રકમ આ સભા ઉપર મોકલી આપવા તસ્દી લેશો. આવો અમૂલ્ય ગુરુભક્તિનો ઉત્તમ અવસર સુભાગ્યે જ પ્રાપ્ત થાય છે.

સેવકો,
ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ
શાહ હરજીવનદાસ દીપચંદ
શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ બી. એ.
સેક્રેટરીઓ.

આ ફંડમાં નીચે જણાવેલા સભાસદોએ નીચે પ્રમાણે રકમ ભરી છે. આપ પણ આ ફંડમાં આપનો યોગ્ય ફાળો આપશો.

૧૦૧) શેઠ ગુલાબચંદ આણંદજી
૧૦૧) શેઠ હરજીવનદાસ દીપચંદ
૧૦૧) શેઠ દેવચંદભાઈ દામજી
૧૦૧) શાહ ગુલાબચંદ લલ્લુભાઈ
૧૦૧) શેઠ છોટાલાલ હીરાચંદ
૫૧) શેઠ અમૃતલાલ છગનલાલ
૨૫) વકીલ ચત્રભુજ જેચંદ શાહ
૨૫) શાહ કાંતિલાલ ભગવાનદાસ
૨૫) ડૉ. જસવંતરાય મૂળચંદ શાહ
૧૫) શાહ વિઠ્ઠલદાસ મૂળચંદ
૧૫) વકીલ ભાઇચંદ અમરચંદ શાહ
૧૫) સંઘવી અમરચંદ ધનજીભાઈ
૧૧) ગાંધી વલ્લભદાસ ત્રિભુવનદાસ

( ફંડ ચાલુ છે )

શ્રી મહોદય પ્રેસ-ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir


# શ્રી આત્માનંદ પ્રકાશ

પુસ્તક ૪૦ મું : આત્મ સં. ૪૭ વિક્રમ સં. ૧૯૯૮ : ભાદ્રપદ :
અંક : ૨ જો : વીર સં. ૨૪૬૮ ઇ. સ. ૧૯૪૨ : સપ્ટેમ્બર :


## જિન સ્તવન

[ તર્જ: પિયા મિલન કો જાના. ]

ભૈયાં જિનંદ કો ગાના—ભૈયાં;
દુઃખ કે નાશ, સુખ કે આશ, સેવોને મજાના—ભૈયાં૦

કોઇ તુમેરા હે નહિં, નાહિ કિસી કા હે તું;
ક્યા કરે મેરા મેરા તું, કર્મો સ્વયં હઠાના—ભૈયાં૦ ૧

જીવન કો જોડ દે, જંજાલ સબ છોડ દે;
મિલે મિલે, પ્રેમે પ્રેમે, આતમ કે ખજાના—ભૈયાં૦ ૨

ચારો દિસે અંધેરા ઘાટ, સૂઝે નાહિં સુખ પાથ;
કૈસે મીલે સુયશ નાથ !, ચલ કે પાર જાના—ભૈયાં૦ ૩

—સુયશ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# બંધન

( મંદાક્રાન્તા. )

પક્ષી પૂર્યું કનક રચિયા પિંજરે પૂર્ણ પ્રેમે,
મીઠો એનો સ્વર જનતણા ચિત્તને ચોરી લે છે;
જ્યારે લાગી મધુર સુરની મોહિની એ જનોને,
તેને રાખ્યું હરખ ધરીને હેમના પિંજરામાં. ૧

સૌન્દર્યે એ અતિશ દીપતું દિવ્ય આનંદ આપે,
ચક્ષુ રીઝે અતુલ રૂપથી દર્શને નિત્ય પ્રેમે;
સૌન્દર્યોને જગત સઘળું ના જ સ્વાતંત્ર્ય આપે,
એના દોષે વિહંગ શુભ આ છે પડયું પિંજરામાં. ૨

સુખે દુઃખે દિન વહીં ગયા આખરે એ જ ઇચ્છે,
મુક્તિ માટે મથન કરતું ટાળવા બંધનોને;
સંસ્કારો જે સરવ અધુરા પૂર્ણ થાવા ફરીથી,
આજે સૂજ્યું કનકમય આ છોડવા પિંજરાને. ૩

ના એ છૂટે વિફલ બનતા આદરેલા પ્રયત્નો,
ને અંતે તો ત્યજી સરવને સ્થાનમાં સુખ માણ્યું;
આશાને તું વિહંગ તજ ના પૂર્ણ તે સર્વ થાશે,
પુણ્યો કેરા પ્રબળ બળથી એ થકી મુક્તિ થાશે. ૪

ત્યાંથી મુક્તિ કદિક મળશે ક્યાં જશે તું ઊડીને ?
તેં ના જોયાં દુઃસહ શિતને પા'ડ વૃક્ષો સરિતા,
ના તું જાણે કયમ કરી પછી ઊડવું સર્વ પે'રે;
ક્યાં તું જાશે વિકટ વિપિને ? ના મનુષ્યો વસે ત્યાં. ૫

અંતે થાકી નિજ સ્થળ પછી આવશે મૂર્ખ પે'રે,
માટે પ્યારા! વિફળ તજ તું આ વ્યથા સર્વ ખોટી;
દિનો જાતાં મધુર ગણશે સ્થાન આ પિંજરાનું,
માટે યોજી બળ સકળને દિવ્ય ભાવે સુખી થા. ૬

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રાણી સર્વે પ્રથમ ન જુએ બંધનોને ગ્રહે છે,
પહેલાં શોચી કદિ ન પડવું પિંજરે એ સુબુદ્ધિ;
પ્રાણીઓ તો રસમય બની બંધનોને સ્વીકારે,
ના બંધાયે કુશળ બનીને એ મનુષ્યો કુશાગ્ર. ૭

× × ×

અજ્ઞાનીને તપ જપ સમા સંયમો બંધનો છે,
તેના હિણે જન નરકમાં પામતો દુઃખડાંને;
આત્માર્થીઓ ! વિષયસુખનાં સાધનો ત્યાગી દેજો,
આત્માકેરા અતુલ સુખને પ્રેમથી પામી લેજો.

અનુષ્ટુપ.

બંધનો સંયમે જે છે, શ્રેષ્ઠ તે આત્મમુક્તિના,
હેમેન્દ્ર આત્મશ્રદ્ધાએ સ્થાપે સ્થાન અજીતમાં.

રચયિતા : **મુનિ શ્રી હેમેન્દ્રસાગરજી મહારાજ.**

## શ્રી વીર જિન સ્તવન.

( રાગ–બાલપણાનાં સંભારણાં સાંભળે રે. )

વીર વિભુના સંભારણાં સાંભળો...રે
પેખી સુપ્રતિમા જીવન સંસ્મારણાં...વીર વિભુનાં૦(ટેક)
અંતરો
શમ સુધા રસમાં ઝીલતાતા, પરમ પદે લ્હેરાતા,
ધ્યાતાતા, જપતાતા, અધ્યાત્મે મસ્ત મનાતા;
લેતાતાં ઇંદ્રોનાં વારણાં. એ એ...વીર વિભુનાં૦ ૧
ક્ષમા ખડ્ગસે કર્મ હટાયે, ઈતિ ભીતિ ન્હોતી,
રાગ ન્હોતો, દ્વેષ ન્હોતો, સંસારી પીડા ન્હોતી;
હેતી અહિંસા પ્રચારણા. એ. એ. વીર વિભુનાં૦ ૨
પૂજો સુભાગી વીરને હોંશે, ભવદુઃખ સ્હેવાં ટળશે,
અણમોલે, અણતોલે, મુક્તિપુરી મેવા મળશે;
**દક્ષ !** ઉર ધારી ઓવારણાં. એ. એ. એ. વીર વિભુ૦ ૩

**મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ.**

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાચું જીવન

લેખક : **આ. શ્રી વિજયકસ્તૂરસૂરિજી મહારાજ.**

**સં**સાર જીવવાની ધમાલમાં પડ્યો છે. મનુષ્ય જીવવા માટે ઘણા ઘણા ઉપાયો કરે છે. અનાદિ કાળના અભ્યાસથી ખાવાને જીવવાનું મુખ્ય કારણ માને છે. ખાધા વગર જીવી શકાય નહિ એવી માન્યતા લગભગ આખા યે સંસારની છે. કહેવતોમાં પણ અન્નને પ્રાણ માનવામાં આવે છે—જીવવાને બીજા બધા ય વગર ચાલે પણ ખાધા વગર તો ચાલે જ નહિ.

વાત સાચી છે. ઘડિયાળ ચાવી આપે તો ચાલે અને દીવો તેલ પૂરે તો બળે, તેમજ દેહધારી જીવો ખાય તો જીવે; પણ કમાન તૂટી ગયા પછી કે બત્તી પૂરી થયા પછી ચાવી કે તેલ પૂરવાથી ઘડિયાળ કે દીવો ચાલવાની કે બળવાની ક્રિયા કરી શકતાં નથી. તેમ જ આયુષ્ય તૂટી ગયા પછી ખાવાથી જીવો જીવી શકતા નથી. જીવો ખાવા છતાં યે મરી જાય છે.

ખરું જોતાં તો સંસાર સાચા જીવનને ઓળખી શક્યો જ નથી કે જે જીવન આત્મા-જીવનો અસાધારણ ધર્મ છે. સંસારી જીવો જે જીવનને નિત્ય બનાવવાનો પ્રયત્ન કરી રહ્યા છે તે આયુષ્યકર્મના ઉદયથી જોડાયેલ જીવ અને દેહનો સંયોગ સ્વરૂપ છે. જે સંયોગ સ્વરૂપથી જ અનિત્ય છે તેને આજ સુધીમાં કોઇ પણ નિત્ય બનાવી શક્યું નથી. પ્રભુ શ્રી મહાવીર પણ દેહ–જીવના સંયોગને એક ક્ષણ પણ વધારી શક્યા નથી અર્થાત્ એક ક્ષણ પણ વધારે જીવી શક્યા નથી.

જીવવાનો મોહ બધા ય જીવોને છે. જે જીવન–દેહ સંયોગ સ્વરૂપ છે તેમાં જ આનંદ માની તેનાથી છૂટું પડવું ગમતું નથી. આધુનિક સંસારમાં ત્યાગી, ભોગી, અધ્યાત્મી, બહિરાત્મદશાવાળા કે અંતરાત્મદશાવાળા બધા ય મોતથી ભય પામે છે. દેહને છોડવાની વાત સાંભળવા માત્રથી જ બહુ દુઃખી થાય છે. પણ સર્વથા દેહથી છૂટી ગયા સિવાય મુક્તિ મળી શકતી નથી. દેહનો સર્વથા સંયોગના અભાવ સ્વરૂપ વિયોગ તે જ મુક્તિ અને તે જ સાચું જીવન છે. આવી રીતે કહેનારની તો સંખ્યા કંઇક દૃષ્ટિગોચર થાય છે પણ તેવી દૃઢ શ્રદ્ધા–આત્મવિશ્વાસવાળો તો ભાગ્યે જ કોઈક હશે.

પોતે નિરાકાર હોવા છતાં જીવને જે કાંઇ આકાર મળે છે તેને પોતાનું જ સ્વરૂપ માનીને ન ભુંસાવા દેવાને માટે ઉત્તમ માનવજીવનને વ્યર્થ વેરી નાખે છે; તો પણ છેવટે આકાર તો ભુંસાઇ જ જાય છે. માટે નિરાકાર સ્વરૂપ પ્રગટ કરવાને જ જીવન વાપરવું જોઇએ. જેટલા આકારો છે તેટલા બધા ય બનાવટી છે–ખોટા છે, પરમાણુઓના સ્કંધો છે. ભિન્ન ભિન્ન પરમાણુઓના સમૂહથી જે સ્કંધ બને છે તે સ્વરૂપથી જ ભિન્ન છે, માટે તે અભિન્ન સ્વરૂપવાળા કેવી રીતે બની શકે ? અને અભિન્ન હોયા સિવાય નિત્ય સ્થાયીપણું તેમાં હોઇ શકે જ નહિ.

રેતીમાં રમનાર બાળકો, રેતીના કણસમૂહનાં દેરાં અને ઘરો બનાવી શકે ખરા, પણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેને ચિરસ્થાયી રાખી શકતા નથી; કારણ કે વિખરાઇ જવાના સ્વભાવવાળો કણસમૂહ વિખરાઇ જ જવાનો, તેમ જ જડમાં રમનાર બાળજીવ પરમાણુ સમૂહના અનેક આકાર બનાવી શકે ખરો, પણ રાખી શકે નહિ; કારણ કે પરમાણુ સમૂહ વિખરાઇ જવાના સ્વભાવવાળો છે.

જન્મ-મરણનો કાયદો જડ-ચેતનમય આખા સંસારને લાગુ પડે છે. બધી દુનિયા જન્મે છે અને મરે છે. જન્મમરણમાંથી જડ પણ બચી શકતું નથી. દુનિયા ક્ષણિક છે એટલે જન્મમરણવાળી છે. દરેક ક્ષણમાં જન્મમરણ રહેલાં છે. જે ક્ષણમાં જન્મ છે તે જ ક્ષણમાં મરણ પણ છે અને જે ક્ષણમાં મરણ છે તે જ ક્ષણમાં જન્મ પણ છે.

જન્મ-મરણ એટલે સંયોગ-વિયોગ. સંયોગ તે જન્મ અને વિયોગ તે મરણ. બધા મોતથી ભય પામે છે પણ જન્મથી કોઇપણ ભય પામતું નથી. મોતથી બચવા માટે બધા અનેક ઉપાયો કરે છે, પણ જન્મથી બચવા માટે કોઈ પણ ઉપાય કરતું નથી. આ ઉપરથી એમ જણાઇ આવે છે કે સંસારનો વિયોગ ન થવા દેવા જીવ માત્રનો પ્રયત્ન છે, પણ સંસારનો સંયોગ ન થવા દેવા કોઇનો પણ પ્રયત્ન નથી. તીર્થંકર આદિ મહાપુરુષોનો પ્રયત્ન સંસારનો સંયોગ ન થવા દેવા માટેનો જ હતો, પણ મોતથી બચવા માટે નહિ. તેમને જન્મનો ભય હતો પણ મરણનો ભય નહોતો. સંપૂર્ણ મરણની તો તેમને ઇચ્છા હતી; કારણ કે સંપૂર્ણ મરણ તે મુક્તિ અને અપૂર્ણ મરણ તે સંસાર. જન્મથી બચવાનો અને મરણથી બચવાનો ઉપાય ભિન્ન છે; કારણ કે બન્ને ભિન્ન સ્વરૂપ છે. એક સંયોગ સ્વરૂપ છે અને બીજો વિયોગ સ્વરૂપ છે. જન્મથી બચવાનો ઉપાય સર્વથા જડ સંસારનો ત્યાગ કરવો અને મોતથી બચવા માટે જડ સંસારનો છૂટથી ઉપયોગ કરવો પડે છે; કારણ કે જડ સંસારથી આત્માને છૂટો ન થવા દેવાને માટે જડને પુષ્ટ બનાવવાં પડે છે. દેહથી જીવને છૂટો ન થવા દેવાને જડ વસ્તુઓનો પુષ્કળ ઉપયોગ કરવો પડે છે, જેથી કરીને જડ સંસાર બળવાન બનવાથી જન્મથી બચી શકાતું નથી અને વારંવાર જન્મ ધારણ કરવા પડે છે. તેમ જ મોતથી બચવા જતાં વધારે ને વધારે મોતને આધીન થવું પડે છે. છતાં અનાદિ કાળના અભ્યાસથી બોધશૂન્ય જીવો મોતથી જ બચવાનો પ્રયત્ન કરતાં નજર આવે છે, પણ મોતથી કેવી રીતે બચી શકાય છે તેની પૂરેપૂરી માહિતી ન હોવાથી ઇચ્છિત વસ્તુ મેળવી શકતા નથી અને જેમને માહિતી છે તેઓ પણ મોહના દબાણથી મોતને જ પુષ્ટ બનાવે છે-છૂટવાને બદલે વધારે બંધનમાં પડે છે.

સંસારમાં માનવજીવનમાં અવતરીને સાચા જીવનની ઓળખાણ કરવી અને મોતથી મુકાવાને મહાપુરુષોના માર્ગનું અવલોકન કરવું અને અનાદિ કાળથી આત્મા મરી જાય છે તે ગેરસમજ-અજ્ઞાનતાને ખસેડીને જડ સંસારના સંયોગવિયોગથી આત્માને છોડાવવા પ્રયત્ન કરવો એ જ ખાસ કર્તવ્ય જણાય છે. પ્રબળ પુન્યની સહાય હોય તો આ બધું બનવું કાંઇ અશકય નથી.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરિશુદ્ધ-અપરિશુદ્ધ નયવાદ અને સર્વનયાશ્રિતની મધ્યસ્થતા.

મુનિ શ્રી પુણ્યવિજયજી ( સંવિગ્નપાક્ષિક ).

પ્રમાણની દરેક વસ્તુ અનેક ધર્માત્મક સિદ્ધ છે, તેનું કોઇ પણ એક વિવક્ષિત અંશરૂપે પ્રતિપાદન કરવાનો અભિપ્રાય તે નયવાદ છે. જો એ અભિપ્રાય એકાંશસ્પર્શી હોવા છતાં તે વસ્તુના બીજા અવિવક્ષિત અંશ પરત્વે માત્ર ઉદાસીન હોય અર્થાત્ તે અંશનું નિરસન કરવાનો આગ્રહ ન ધરાવતો હોય અને પોતાના વક્તવ્ય પ્રદેશમાં જ પ્રવર્તતો હોય તો તે '**પરિશુદ્ધ નયવાદ**' છે. તેથી ઉલટું જે અભિપ્રાય પોતાના વક્તવ્ય એક અંશને જ સંપૂર્ણ માની તેનું પ્રતિપાદન કરવા સાથે જ બીજા અંશોનું નિરસન કરે તે '**અપરિશુદ્ધ નયવાદ**' છે. પરિશુદ્ધ નયવાદ એક અંશનો પ્રતિપાદક છતાં ઇતર અંશોનો નિરાસ ન કરતો હોવાથી તેને બીજા નયવાદો સાથે વિરોધ નથી હોતો, એટલે છેવટે તે શ્રુતપ્રમાણના અખંડ વિષયનો જ સાધક બને છે, અર્થાત્ નયવાદ જો કે હોય છે અંશગામી, પણ જો તે પરિશુદ્ધ એટલે ઇતર સાપેક્ષ હોય તો તેનાવડે છેવટે શ્રુત પ્રમાણસિદ્ધ અનેક ધર્માત્મક આખી વસ્તુનું જ સમર્થન થાય છે. સારાંશ એ છે કે બધા જ પરિશુદ્ધ નયવાદો પોતપોતાના અંશભૂત વક્તવ્યદ્વારા એકંદર સમગ્ર વસ્તુનું જ પ્રતિપાદન કરે છે, એ જ પરિશુદ્ધ નયવાદનું ફળ છે. તેથી ઉલટું અપરિશુદ્ધ નયવાદ માત્ર પોતાથી જુદા પડતા બીજા પક્ષનું જ નહિ પણ સ્વપક્ષ સુદ્ધાંનું નિરસન કરે છે; કારણ કે તે જે બીજા અંશને અવગણી પોતાના વક્તવ્યને કહેવા માગે છે તે બીજા અંશ સિવાય તેનું વક્તવ્ય સંભવી જ નથી શકતું, એટલે બીજા અંશનું પણ નિરસન કરી જ બેસે છે. વસ્તુનું સમગ્ર સ્વરૂપ અનેક સાપેક્ષ અંશોથી ઘડાયેલું છે એટલે જ્યારે એ સાપેક્ષ અંશોને એકબીજાથી તદ્દન છૂટા પાડી દેવામાં આવે ત્યારે તેમાંથી એકે રહેતો કે સિદ્ધ થતો નથી. તેથી જ એમ કહ્યું છે કે અપરિશુદ્ધ એટલે બીજાની પરવા ન કરતો નયવાદ પોતાના અને બીજાના એમ બન્ને પક્ષનાં મૂળ ઉખાડે છે.

વચનનો આધાર વક્તાના અભિપ્રાય ઉપર છે. તેથી કોઇપણ એક વસ્તુ પરત્વે જેટલા વચનપ્રકારો મળી આવે અગર તો સંભવી શકે તેટલા જ તે વસ્તુપરત્વે બંધાયેલા જુદા જુદા અભિપ્રાયો છે એમ સમજવું જોઇએ. અભિપ્રાયો એટલે નયવાદો. વચનના પ્રકારો જેટલા જ નયવાદો સમજવા. એ બધા જ નયવાદો અંદરોઅંદર એક બીજાથી નિરપેક્ષ રહે તો તે જ પરસમયો એટલે જૈનેતર દૃષ્ટિઓ છે, તેથી પરસ્પર વિરોધ કરતાં કે અંદરોઅંદર પક્ષપ્રતિપક્ષપણું ધારણ કરતા જેટલા નયો હોય તે વાસ્તવિક રીતે તેટલા જ પરસમયો છે અર્થાત્ એક બીજાનું નિરસન કરતી જેટલી વિચારસરણીઓ મળે અગર સંભવે તેટલા જ તે વસ્તુ પરત્વે દર્શનો અને એ અજૈન. જૈનદર્શન તો અનેક તે વિરોધી દર્શનોના સમન્વયથી ઉદ્ભવતું હોવાથી એક જ છે. અજૈન અને જૈન દર્શનોનું નિયામક તત્ત્વ વિરોધ અને સમન્વય છે. પોતાના વક્તવ્યના પ્રતિપાદનમાં જેનો ઉદ્દેશ પર વિરોધનો હોય તે અજૈન દર્શન અને જેનો ઉદ્દેશ સમન્વયનો હોય તે જૈનદર્શન.

અહીં પ્રશ્ન થાય છે કે એક જ વસ્તુ પરત્વે નિત્યત્વ અનિત્યત્વ આદિ વિરોધી ધર્મોના

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમન્વયમાં જ જો જૈનદૃષ્ટિ હોય તો વૈશેષિક દર્શનને પણ જૈનદર્શન કહેવું પડશે; કારણ કે એ દર્શન પણ માત્ર નિત્યત્વ કે માત્ર અનિત્યત્વ ન સ્વીકારતાં નિત્યત્વ અનિત્યત્વ બન્ને સ્વીકારે છે. તેનો ઉત્તર એ છે કે વૈશેષિક દર્શનમાં નિત્યત્વ અને અનિત્યત્વ એ વિરોધી બે અંશોનું પ્રતિપાદન હોવાથી એમાં દ્રવ્યાસ્તિક અને પર્યાયાસ્તિક બન્ને નયોને સ્થાન છે ખરું ! પણ એ બન્ને નયો તેમાં સાપેક્ષપણે યોજાયેલા નથી. એમાં યોજાયેલા બન્ને નયો પોતપોતાના વિષયનું સ્વતંત્રપણે જ પ્રતિપાદન કરે છે એટલે કે એ બન્ને નયો પોતપોતાના વિષયની પ્રધાનતાને લીધે અંદરોઅંદર એકબીજાથી નિરપેક્ષ છે, જેથી એ જૈનદર્શન નથી. એક એક છૂટો વાદ ગમે તેટલો પ્રબળ દેખાતો હોય છતાં તે એકદેશીય માન્યતા ઉપર બંધાયેલો હોઇ યથાર્થ જ્ઞાન પૂરું પાડી શકતો નથી અને તેટલી ખામીને લીધે પરંપરાએ તે પોતાનામાં બદ્ધ થનારને કલેશમુક્ત નથી કરી શકતો. જ્યારે સમન્વય એ દૃષ્ટિની વિશાળતા ઉપર રચાયેલો હોઇ યથાર્થ જ્ઞાન પૂરું પાડે છે. એ જ પ્રમાણે સામાન્ય વિશેષની બાબતમાં પણ છે. દ્રવ્યાસ્તિકનું વક્તવ્ય સામાન્ય અને પર્યાયાસ્તિકનું વક્તવ્ય વિશેષ છે. એ બન્ને નિરપેક્ષપણે છૂટા છૂટા યોજવામાં આવે તો એકાન્તવાદને વિશિષ્ટ બનાવે છે અર્થાત્ ઊભો કરે છે. જૈનદર્શન કોઈ પણ એક જ વસ્તુ પરત્વે એ વિરોધી દેખાતા ધર્મોનો સમન્વય અપેક્ષા વિશેષથી કરે છે અને વૈશેષિક દર્શન વસ્તુભેદે વિરોધી ધર્મોનો ભેદ સ્વીકારે છે. આજ બન્નેમાં તફાવત છે.

કેટલાક લોકો જૈનદર્શન અને અજૈન દર્શનને સરખા માનવાનો ભ્રમ ફેલાવે છે. તેઓ બાલજીવોને ઉન્માર્ગે દોરવાનો પ્રયાસ કરી રહ્યા છે. તે મહાનુભાવોએ સમજવું જોઇએ કે બધા ધર્મો પોતપોતાના સ્થાને અપેક્ષાએ સાચા છે એમ માનવું, પણ તેથી ‘ બધા ધર્મો સરખા છે ’ એમ સિદ્ધ થતું નથી. બધા ધર્મોના ચઢતા ઉતરતા દરજ્જા અવશ્ય છે. સાધકે પોતાની આત્મોન્નતિને યોગ્ય ઉચ્ચ કોટિનો ધર્મ કયો તેની સ્વયં શોધ કરવી જોઇએ અને મધ્યસ્થ દૃષ્ટિથી–પક્ષપાતરહિતપણે જે શોધાય તેને સ્વીકારવા તત્પર રહેવું જોઇએ. તત્ત્વવાદમાં મોટી વિષમતા ધરાવતા વેદાદિ અન્ય શાસ્ત્રોમાં જે પરસ્પર અવિરુદ્ધ અને અવિસંવાદી ઉપદેશો મળી આવે છે, તે શ્રી જિનાગમરૂપી મહાસાગરમાંથી ઊછળેલા વચનરૂપી બિંદુઓ છે. જૈનદર્શન કે જેમાં કોઇનો પણ પક્ષપાત નથી અને સર્વથા અવિરુદ્ધ ને અવિસંવાદી છે તે તો એક શ્રી જૈન ધર્મ જ છે. માટે આત્મશ્રેયના ઇચ્છુકે આવા ભ્રામક વિચાર ને તેનું પ્રવર્ત્તન કરતાં અટકવું જોઇએ. સ્વયં સત્યવાદી ન બનવું એ જેટલો ગુન્હો છે, એના કરતાં પણ જેઓ સત્યવાદી છે એમના પ્રત્યે અસદ્ભાવ ધારણ કરવો એ મોટો ગુન્હો છે. અને અસદ્ભાવ થાય એવું પ્રવર્તન કરવું એ એથી પણ મોટો ગુન્હો છે.

આચાર્ય ભગવાન **હેમચંદ્રસૂરિજી** કહે છે કે–“ જેઓ મધ્યસ્થપણાનો આશ્રય કરી–ધારણ કરીને તત્ત્વાતત્ત્વનો વિચાર નહિ કરતાં જૈન દર્શન અને અજૈન દર્શન બેઉને સરખા માને છે, તેઓ મણિ અને કાચને સરખા માનવા જેવું કરે છે. ” માધ્યસ્થતા એ ગોળ અને ખોળને સરખા માનવા માટે નહિ; પણ અપેક્ષાભેદ સમજી સમશીલ રહેવા માટે છે. માધ્યસ્થતા એ મહાન્ ગુણ છે; પરન્તુ તેનો આશ્રય કયાં ? શા માટે ? ને કેવી રીતે પરિણત હોવી જોઇએ ? એ લક્ષગત કરવું જોઇએ. વિશાળદૃષ્ટિ જૈન મહાપુરુષોએ આ બાબતમાં કેવા ઉચ્ચ પ્રકારની માધ્યસ્થતા રાખી છે, તે નીચેની ઉ૦ ભગવાન **યશોવિ૦** વાચક આદિની ઉક્તિઓથી સમજી શકાય તેવું છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



" પોતપોતાના અભિપ્રાયે સાચા અને બીજા નયની યુક્તિથી ચલાવે ત્યારે નિષ્ફળ એવા નયોમાં જેનું મન પક્ષપાત રહિત સમાનભાવને ધારણ કરે છે, તે મહામુનિ મધ્યસ્થ છે. સર્વ નયો સપ્રતિપક્ષ છે. જે એક નય પક્ષપાતી તે અદષ્ટ સિદ્ધાન્ત કહ્યો છે. "

**સન્મતિ** તર્કમાં કહ્યું છે કે—

" સર્વ નયો પોતપોતાના વક્તવ્યમાં સાચા છે, અને બીજાના વક્તવ્યનું નિરાકરણ કરવામાં ખોટા છે. પરન્તુ અનેકાન્ત સિદ્ધાન્તનો જ્ઞાતા તે નયોનો ' આ સાચા છે અને આ ખોટા છે ' એવો વિભાગ કરતો નથી. "

" પોતાના સિદ્ધાન્તનો વિચાર રહિત કેવળ રાગથી અમે સ્વીકાર કરતા નથી, અને પર સિદ્ધાન્તનો વિચાર રહિત કેવળ દ્વેષથી ત્યાગ કરતા નથી. પણ મધ્યસ્થ દૃષ્ટિથી વિચાર કરીને સ્વ-સિદ્ધાન્તનો આદર અથવા પર સિદ્ધાન્તનો ત્યાગ કરીએ છીએ. "

ભગવાન હેમચંદ્રસૂરિજી પણ કહે છે કે—

" હે વીરપ્રભુ! અમને કેવળ શ્રદ્ધાથી તમારા ઉપર પક્ષપાત નથી, તેમ કેવળ દ્વેષથી અન્ય ઉપર અરુચિ નથી, પણ યથાર્થ આપ્તપણાની પરીક્ષાથી અમે તમારો આશ્રય કરીએ છીએ."

"જુદા જુદા સર્વ નયો પરસ્પર વાદ અને પ્રતિવાદથી કદર્થના પામેલા છે, પરંતુ સમવૃત્તિના સુખનો અનુભવ કરનાર જ્ઞાની સર્વ નયોને આશ્રિત હોય છે."

" પરસ્પર પક્ષ અને પ્રતિપક્ષ ભાવથી અન્ય પ્રવાહો દ્વેષથી ભરેલા છે, પરંતુ સર્વ નયોને સમાનપણે ઇચ્છનાર હે ભગવન્ ! તમારો સિદ્ધાન્ત પક્ષપાતી નથી."

"બધાય વચન વિશેષ રહિત હોય તો તે એકાન્તે અપ્રમાણ નથી અને એકાન્તે પ્રમાણ પણ નથી, જેથી અન્ય સિદ્ધાન્તમાં રહેલું સદ્વચન પણ વિષયના પરિશોધનથી, પ્રમાણ છે. ઉપલક્ષણથી સ્વસિદ્ધાન્તનું વચન પણ અનુયોગે કરી વિશેષિત ન હોય તો તે અપ્રમાણ છે. એ પ્રકારે સર્વ સ્યાદ્વાદ યોજનાથી સર્વ નયોનું જાણપણું હોય. "

ભગવાન્ હરિભદ્રસૂરિજી કહે છે કે—

"અન્ય શાસ્ત્રને વિષે પણ દ્વેષ કરવા યોગ્ય નથી, પરંતુ તેના વિષયને પ્રયત્નથી વિચારવો. જે પ્રવચનથી ભિન્ન છે તેનું પણ બધું સદ્વચન નથી પરંતુ જે પ્રવચનાનુસારી છે તે સદ્વચન જ છે. "

"જે મહાપુરુષ ચારિત્રગુણમાં લીન છે તે સર્વ નયના ધારક હોય છે, તે સર્વ નયને સંમત વિશુદ્ધ તત્ત્વને ગ્રહણ કરે છે, સમવૃત્તિવાળા સર્વ નયના આશ્રિત જ્ઞાની સુખનો આસ્વાદ કરે છે, સર્વ નયના જાણનારા–અનુભવનારાઓનું તટસ્થપણું લોકને વિષે ઉપકારરૂપ થાય છે; પરંતુ જુદા જુદા નયમાં મૂઢ–ભ્રાન્ત થયેલાને અહંકારની પીડા અને ઘણો કલેશ હોય છે."

" નિશ્ચયનયમાં અને વ્યવહારનયમાં તથા જ્ઞાનપક્ષમાં અને ક્રિયાપક્ષમાં એક પક્ષગત ભ્રાન્તિના સ્થાનને તજીને જ્ઞાનના પરિપાક શુદ્ધ ભૂમિકા ઉપર ચઢેલા લક્ષ ન ભૂલે એવા, સર્વ ભૂમિકામાં પક્ષપાત–કદાગ્રહ રહિત, પરમ આનંદથી ભરપૂર સર્વ નયોના આશ્રયરૂપ જ્ઞાની સર્વોત્કર્ષથી વર્તે છે. તેવા જ્ઞાનીને નમસ્કાર હો!"

"જે મહાપુરુષોએ લોકોને સર્વ નયે કરીને આશ્રિત એટલે સ્યાદ્વાદ ગર્ભિત પ્રવચન પ્રકાશિત કર્યું છે અને જેઓના ચિત્તને વિષે સર્વનયાશ્રિત પ્રવચન પરિણમેલું છે તેઓને વારંવાર નમસ્કાર હો !"

(સન્મતિ ગ્રન્થાધારે લીધેલો સદરહુ લેખ યોજનાપૂર્વક અન્ય ગ્રન્થોની પૂરવણી કરીને મૂકવામાં આવ્યો છે. ન્યાય વિષયના વિદ્વજ્જન મહાશયોને આ ગમ્ય છે. વસ્તુ સુસ્પષ્ટ છે, છતાં કદિ ભૂલચૂકને સ્થાન હોય તો ક્ષન્તવ્ય લેખવા વિજ્ઞપ્તિ છે. )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# "પર્યુષણપર્વ–મહોત્સવ"

રચયિતા : **મુનિરાજશ્રી લક્ષ્મીસાગરજી મહારાજ**

( આ તો લાખેણી આંગી કહેવાય–એ રાગ )

**પર્યુષણ પર્વ મંડાય,** આવ્યા પર્યુષણ.
કરો ઉન્નતિના ધર્મકાજ, આવ્યા પર્યુષણ.
ધર્મના કાર્યો નિશદિન થાય,
આવ્યા પર્યુષણ. ટેક

–: અંતરા :–

આઠ દિવસ પુન્યના સુખકારી,
જીવદયા જૈનોએ ખૂબ પાળી;
ધર્મમાં પ્રીતિ સદા જોડાય,
આવ્યા પર્યુષણ. ૧

ગુરુવંદન પચ્ચખાણ કરી,
તપજપ આદરી પાપ ધોઈ;
ભવ્ય જનોનાં મન હરખાય,
આવ્યા પર્યુષણ. ૨

સત્તરભેદી પૂજા ભાવે ભણો,
આઠે દિવસે મંગલગીત ગાવો;
આત્માનો બોધ લેવાય,
આવ્યા પર્યુષણ. ૩

રાગદ્વેષ છોડી ઉપાશ્રયે આવો,
ગુરુમુખથી કલ્પસૂત્ર સુણો;
કલ્પસૂત્ર શાંતિથી સંભળાય,
આવ્યા પર્યુષણ. ૪

ક્ષમા પરસ્પર આપો આત્મા પ્રત્યે,
સમભાવ આદરી શુદ્ધ વર્તન કરે;
**પર્યુષણ પર્વ મહોત્સવ ઊજવાય,**
આવ્યા પર્યુષણ. ૫

શુભ કલ્પસૂત્ર શ્રવણે ધરી,
એકચિત્તથી સુણીને પાપ હરી;
નવ વ્યાખ્યાન સુણી બોધ પમાય,
આવ્યા પર્યુષણ. ૬

વડાકલ્પનો છઠ્ઠ તપ કરી,
બ્રહ્મચર્ય શીલને ગ્રહણ કરી;
છઠ્ઠ અઠ્ઠમની તપશ્ચર્યા થાય,
આવ્યા પર્યુષણ. ૭

પર્યુષણ પર્વ જૈનો ઊજવે,
તપ કરી આતમા નિર્મળ થાવે;
પર્વોના મહિમા એમ ગવાય,
આવ્યા પર્યુષણ. ૮

જન્મમહોત્સવ વીરવિભુનો થાયે,
ગીત–ગાન પ્રભુના ગુણ ગાયે;
**"લક્ષ્મીસાગર"** ખૂબ હરખાય,
આવ્યા પર્યુષણ. ૯

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

॥ ॐ अर्हं नमः ॥

# નવતત્ત્વ પ્રકરણ

## પદ્યમય અનુવાદ સહિત.

અનુઃ મુનિશ્રી દક્ષવિજયજી મહારાજ

( ગતાંક પૃષ્ઠ ૧૩ થી શરુ )

**मूल–धम्मा-ऽधम्माऽऽगासा, तिय–तिय–भेया तहेव अद्धा य।**
**खंधा देस–पएसा, परमाणू अजीव चउदसहा ॥ ८ ॥**

### બીજું અજીવતત્ત્વ.

[ અજીવતત્ત્વના ૧૪ ભેદો ]

અજીવ કેરા ચૌદ ભેદો, જાણુ ધર્મ અધર્મ ને,
આકાશ એ ત્રણુ અસ્તિકાયો, ભેદ ત્રણુવાળા અને;
એક ભેદે કાળ છે વળી, સ્કંધ દેશ પ્રદેશ ને,
પરમાણુ એ પુદ્ગલતણા ચઉ, ભેદ જાણો શુભ મને. ( ૯ )

**मूल–धम्मा–ऽधम्मा पुग्गल, नह कालो पंच हुंति अज्जीवा ।**
**चलण-सहावो धम्मो, थिर–संठाणो अहम्मो य ॥ ९ ॥**

**अवगाहो आगासं, पुग्गल–जीवाण पुग्गला चउहा ।**
**खंधा देस पएसा, परमाणू चेव नायव्वा ॥ १० ॥**

[ પાંચ અજીવ દ્રવ્યો ]

જાણુ ધર્મ અધર્મ પુદ્ગલ, ને વળી આકાશ એ,
ચાર અસ્તિકાય કાળ જ, અજીવ દ્રવ્યો પાંચ એ;

[ ધર્માસ્તિકાય અને અધર્માસ્તિકાયનો સ્વભાવ ]

ગતિમાં સહાયક જાણવો, ધર્માસ્તિકાય સ્વભાવ છે,
અધર્માસ્તિકાય સહાયદાયક, સ્થિર રહેવામાંય છે. ( ૧૦ )

[ આકાશાસ્તિકાય અને પુદ્ગલાસ્તિકાયનું સ્વરૂપ ]

અવકાશદાયિ સ્વભાવ, આકાશાસ્તિકાયતણો જ છે,
પુદ્ગલોને તેમ જીવોને જ, એ જિનવાણુ છે;
સ્કંધ દેશપ્રદેશને, પરમાણુ એ ચઉ પુદ્ગલા,
પૂરણુ ગલન સ્વભાવવાળા, જ્ઞેય ને રૂપી ભલા! ( ૧૧ )

**मूल–सद्दंधयार उज्जोअ, पभा छायातवेहि अ ।**
**वन्न गंध रसा फासा, पुग्गलाणं तु लक्खणं ॥ ११ ॥**

[ પુદ્ગલના પરિણામો, પુદ્ગલનું લક્ષણુ અને સમયની વ્યાખ્યા ]

પુદ્ગલ સ્વરૂપી શબ્દ ને, અંધકાર ને ઉદ્યોત છે,
જાણો પ્રભા છાયા અને, તડકો જ પુદ્ગલરૂપ છે;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સામાન્ય લક્ષણ પુદ્ગલોનું, વર્ણ ગંધ રસ સ્પર્શ એ,
સમય છે અવિભાજ્ય કાળ જ, કેવળીની દૃષ્ટિએ. (૧૨)

## વ્યવહાર કાળ.

**मूल-एगा कोडि सतसट्ठि, लक्खा सत्तहत्तरी सहस्सा य ।**
**दो य सया सोलहिया, आवलिया इगमुहुत्तम्मि ॥ १२ ॥**

[ એક મુહૂર્ત્તની આવલિકાઓ ]

એક કોડી લાખ સડસઠ, સત્યોતેર હજાર ને,
બસોસોળ સાધિક આવલિકા,-માન એક મુહૂર્ત્તને;

[ વ્યવહારમાં ઉપયોગી કાળનાં ક્રમથી નામ ]

**मूल-समयावली मुहूत्ता, दीहा पक्खा य मास वरिसा य ।**
**भणिओ पलिया सागर, उस्सप्पिणि-सप्पिणी कालो ॥ १३ ॥**

સમય આવલિ મુહૂર્ત્ત દિવસ, પક્ષ માસ જ વર્ષ ને,
કાળ પલ્યોપમ અને વળી, સાગરોપમ કાળ ને. (૧૩)
ઉત્સર્પિણી અવસર્પિણી ને, કાળચક્ર અનુક્રમે,
એ બધા વ્યવહારકાળો, ભાખિયા જિન આગમે;

**मूल-परिणामि जीव मुत्तं, सपएसा एग खित्त किरिया य ।**
**णिच्चं कारण कत्ता, सव्वगय इयर-अपवेसे ॥ १४ ॥**

[ ૭ દ્રવ્યમાં પરિણામિતાદિ બાર ધર્મની વિચારણા ]

પરિણામિતા ને જીવતા ને, મૂર્ત્તતા સપ્રદેશિતા,
એકતા ને ક્ષેત્રતા, સક્રિયતા ને નિત્યતા. (૧૪)
કારણપણું કર્તાપણું વળી, સર્વવ્યાપકતા અને,
ઇતરાપ્રવેશિતા ભવિ ?, ષટ્ દ્રવ્યમાંહિ વિચારને;

**मूल-सा उच्चगोअ-मणुदुग, सुरदुग पंचिंदिजाइ-पणदेहा ।**
**आइतितणूणुवंगा, आइम-संघयण-संठाणा ॥ १५ ॥**
**वण्णचउक्को-ऽगुरुलहु, परघा-उस्सास आयवुज्जोअं ।**
**सुभखगइ-निमिण-तसदस, सुरनरतिरिआउ तित्थयरं ॥१६॥**

## ત્રીજું પુણ્યતત્ત્વ.

છે પુણ્ય શાતાવેદની, ઉચ્ચ ગોત્ર નરસુરદ્વિક ને,
પંચેંદ્રિજાતિ પંચતનુ ત્રણ,-પ્રથમ કાય ઉપાંગ ને. (૧૫)
સંઘયણ ને સંસ્થાન પ્હેલું, જાણ વર્ણચતુષ્ક ને,
અગુરુલઘુ પરઘાત શ્વાસોશ્વાસ ને આતપ અને;
શુભ ખગતિ નિર્માણ ને, ત્રસદશક સુરનર-આયુ ને,
તિર્યંચ આયુ જાણ તીર્થંકરપણું નિર્મળ મને. (૧૬)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



**मूल-तस बायर पज्जत्तं, पत्तेअ थिरं सुभं च सुभगं च।**
**सुस्सर आइज्ज जसं, तसाइ-दसगं इमं होइ ॥ १७ ॥**

[ ત્રસદશક અને પુણ્યતત્ત્વના ૪૨ ભેદનો ઉપસંહાર ]

ત્રસ અને બાદર અને, પર્યાપ્ત ને પ્રત્યેક ને,
સ્થિર અને શુભ ને વળી, સૌભાગ્ય ને સુસ્વર અને;
આદેય ને યશ જાણુ એ, ત્રસદશક પુણ્યપ્રકાર છે;
ઇમ પુણ્યતત્ત્વે ભેદ બેંતાલીસ ભાખ્યા સાર છે. (૧૭)

**मूल-नाणंतरायदसगं, नव बीए नीअसाय मिच्छत्तं ।**
**थावरदस निरयतिगं, कसाय पणवीस तिरियदुगं ॥ १८ ॥**
**इग-बि-ति-चउजाईओ, कुखगइ उवघाय हुंति पावस्स।**
**अपसत्थं वन्नचऊ, अपढमसंघयणसंठाणा ॥ १९ ॥**

## ચોથું પાપતત્ત્વ.

પાંચ જ્ઞાનાવરણ ને, અંતરાય પંચક જાણીએ,
એ દશ અને નવ દર્શનાવરણીયને પિછાણીએ;
વળી નીચ ગોત્ર અને અશાતાવેદની મિથ્યાત્વને,
કષાય પચ્ચીશ ને નરકત્રિક, જાણ સ્થાવર દશકને. (૧૮)
તિરિયંચદ્વિક એકેંદ્રિ બિ-તિ-ચઉરિંદ્રિ જાતિ જાણીએ,
અશુભ વિહાયોગતિ, ઉપઘાતને પિછાણીએ;
પ્હેલા વિનાનાં ચાર સંઘયણો, ચઉ સંસ્થાન છે,
અશુભવર્ણચતુષ્ક એ, બ્યાસી પ્રકારે પાપ છે. (૧૯)

**मूल-थावर सुहुम अपज्जं, साहारणमथिरमसुभ-दुभगाणि।**
**दुस्सरणाइज्जजसं, थावरदसगं विवज्जत्थं ॥ २० ॥**

[ સ્થાવર દશક ]

સ્થાવર અને વળી સૂક્ષ્મ અપર્યાપ્ત સાધારણ અને,
અસ્થિર તેમ અશુભ ને, દૌર્ભાગ્ય ને દુઃસ્વર અને;
અનાદેય અપયશ એહ સ્થાવર,-દશક પાપ પ્રકાર છે,
ત્રસ દશકથી વિપરીત અર્થી, જાણ સ્થાવર દશક છે. (૨૦)

**मूल-इंदिय-कसाय-अव्वय, जोगा पंच चउ पंच तिन्नि कमा ।**
**किरियाओ पणवीसं, इमा उ ताओ अणुक्कमसो ॥ २१ ॥**

## પાંચમું આશ્રવતત્ત્વ.

[ આશ્રવતત્ત્વના ૪૨ ભેદ ]

પાંચ ઇંદ્રિય ચઉ કષાયો, પાંચ અવ્રત યોગત્રિક,
પચ્ચીશ ક્રિયા એમ આશ્રવ,-ભેદ બેંતાલીશ છેક;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



मूल-काइय अहिगरणिया, पाउसिया पारितावणी किरिया ।
पाणाइवायारंभिय, परिग्गहिआ मायवत्ती अ ॥ २२ ॥
मिच्छादंसणवत्ती, अपच्चक्खाणी य दिट्ठि पुट्ठि य ।
पाडुच्चिय सामंतो,-वणीय नेसत्थि-साहत्थी ॥ २३ ॥
आणवणि विआरणिया, अणभोगा अणवकंखपच्चइया ।
अन्ना पओग समुदा,-ण पिज्ज दोसेरियावहिया ॥ २४ ॥

[ પચ્ચીશ ક્રિયાઓ, વ્યાખ્યા સહિત ]

કાયાવડે જે લાગતી તે, જાણ ક્રિયા **કાયિકી**,
ખડ્ગાદિ અધિકરણોવડે જે, થાય તે **અધિકરણિકી**. ( ૨૧ )
દ્વેષથી **પ્રાદ્વેષિકી**, આરંભથી **આરંભિકી**,
**પારિતાપનિકી** ક્રિયા તે, જાણ પરિતાપોથકી;
**પ્રાણાતિપાતિકી** જાણવી જે, લાગતી હિંસાથકી,
**પારિગ્રહિકી** જાણ મૂર્ચ્છા, ભાવયુત સંગ્રહથકી. ( ૨૨ )
જાણ **માયાપ્રત્યયિકી**, કપટકેરા હેતુથી,
**મિથ્યાત્વદર્શનપ્રત્યયિકી**, જાણ અશ્રદ્ધાનથી;
ક્રિયા **અપ્રત્યાખ્યાનિકી**, વિરતિતણા જ અભાવથી,
**દાષ્ટિકી** તે દેખતાં કૌતુક રાગાદિકથી. ( ૨૩ )
સ્પર્શ કરતાં **સ્પૃષ્ટિકી** યા, પ્રશ્ન કરતાં પૃષ્ટિકી,
રાગાદિ ભાવે જીવ કે જડ, આશ્રયી **પ્રાતિત્યકી**;
નિસર્જને **નૈસૃષ્ટિકી** યા, જાણવી નૈશસ્ત્રિકી,
સ્વહસ્તથી **સ્વાહસ્તિકી**, ને પ્રયોગથી **પ્રાયોગિકી**. ( ૨૪ )
ચોમેરથી આવી મળેલા, લોકના કહેવા થકી,
ને ઘૃતાદિક ભાજને, ત્રસ જીવના પડવા થકી;
જે લાગતી તે જાણવી, **સામન્ત-ઉપનિપાતિકી**,
પ્રેમે કરીને **પ્રેમિકી** ને, દ્વેષથી તે **દ્વૈષિકી**. ( ૨૫ )
**આજ્ઞાપનિકી** તે ક્રિયા જે, લાગતી આજ્ઞા થકી,
અથવા જ તેને જાણીયે, આનયનથી આનયનિકી;
વિદારણે **વૈદારણી**, વૈતારણી ઠગવા થકી,
**અનાભોગિકી** તે લાગતી, ઉપયોગ શૂન્યપણા થકી. ( ૨૬ )
સ્વપરહિતની પરવા વિના, આ લોકને પરલોકથી,
વિરુદ્ધ આચરણે **અનવકાંક્ષપ્રત્યયિકી** કથી;
**સમાદાનિકી** તે ગ્રહણ થાયે, કર્મ આઠે જેહથી,
અકષાયભાવે જે ક્રિયા, **ઈર્યાપથિકી** તે કથી. ( ૨૭ )

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અમર આત્મમંથન

લેખક: **અમરચંદ માવજી શાહ.**

૧ જેમનું માર્ગદર્શન પામી અનંત આત્માઓ સંસારરૂપી સમુદ્રમાંથી તર્યા છે એવા ભગવાન શ્રી મહાવીરનાં શાસનમાં આપણો જન્મ થયો તે અહોભાગ્ય સમજી એ પરમ-કૃપાળુએ જે આપણને આત્મપ્રકાશ આપ્યો એ પ્રકાશને સ્વઆત્મગૃહમાં ગ્રહી, શ્રદ્ધી, આચરી તેમનાં જેવાં પ્રકાશિત થવા માટે એ શ્રી વીરનું સ્મરણ અહોનિશ અંતરપટે પ્રવર્તો.

૨ પ્રવૃત્તિ પરમાર્થે, નિવૃત્તિ ધ્યાનાર્થે ખરચી, અહિંસા, સંયમ, તપના પવિત્ર પંથે દયા, આનંદ, પ્રેમ, શાંતિ, પુરુષાર્થથી વિવેકપૂર્વક કર્ત્તવ્ય-પાલન એ જ પરમધર્મ.

૩ પૂર્વે કરેલા કર્મને શાતાભાવે વેદવા, નવા કર્મ ન બંધાય તે માટે આત્મ ઉપયોગ કેળવવો. આશ્રવભાવ તજી સંવર અને નિર્જરા-ભાવે સમભાવથી પ્રવર્તવું.

૪ સમય અને મળેલી સુવર્ણ તકોનો સદુ-પયોગ કરી લ્યો. એ ગયા પછી મળવાં મુશ્કેલ છે.

૫ વર્તમાન સ્થિતિ તથા વર્તમાન સ્થાનને માન આપી ન્યાય અને નીતિના માર્ગે ચાલી અહંભાવરહિતપણે નમ્રતાપૂર્વક સરલતાથી સાદાઈમાં રહી, મનને પવિત્ર રાખી, સંતોષ-પૂર્વક પ્રમાદરહિતપણે, આનંદમય જીવન બનાવી, આરોગ્ય સાચવી સ્વકર્ત્તવ્યમાં વિવેક-પૂર્વક પ્રવર્તી પવિત્રપણે જીવન ગુજારવું.

૬ શુદ્ધ હવા, સ્વચ્છ પાણી, સાદો સાત્વિક ખોરાક, નિયમિત રહેણીકરણી, સુઘડ કપડાં, શાંતિ અને સંતોષમય કર્ત્તવ્યશીલ જીવન એ જ શ્રેષ્ઠ જીવન છે.

૭ નીતિપૂર્વક કર્ત્તવ્ય કરી જે અર્થલાભ થાય તેમાં સંતોષ માનવો એ જ પરમ-સુખની ચાવી છે. આનંદ અને શાંતિ ક્યાંયથી વેચાતા મળતાં નથી. એનું તો આપણા આત્મ-મંદિરમાં અખૂટ ઝરણું ભર્યું છે. આપણે અનેક મુશ્કેલીઓ અને જીવનનાં ઝંઝાવાતો વચ્ચે પણ જીવનવિકાસ સાધી આનંદમય જીવન ગુજારી શકીએ છીએ, પણ તે ત્યારે બને કે જ્યારે સંતોષપૂર્વક નિષ્કલંક સદાચારી પવિત્ર જીવન જીવવાની સદ્ભાવના જાગ્રત થઈ હોય, જીવનનો મર્મ સમજ્યા હોઈએ, તેમજ ઉચ્ચ ધ્યેયે પહોંચવાની ઉત્કંઠાવાળું આશાવાદી જીવન હોય અને આત્મશ્રદ્ધા અચલ હોય.

૮ એક પુષ્પ સવારે ખીલે છે. કોને ખબર છે કે એ સાંજે કરમાઇ જશે કે ખરીને પગ-તળે કચરાશે કે કોઈ દેવનાં મુગટમાં શોભશે? એ રીતે એક બાળક જન્મ્યું. કોને ખબર છે કે એ અકાળે કરમાઇ જશે કે ખીલીને શુંયે કરશે? કોઇ મહાપુરુષ બનશે, કોઈ ધાડપાડુ બનશે કે કઇ જાતનું જગતનાં તખ્તા ઉપર વર્તન ચલાવશે? એ જ રીતે એક લખાણ જાહેરમાં આપ્યા પછી કોને ખબર છે કે લોકો એનો કેવો ઉપયોગ કરશે, કઇ રીતે વાંચી–વિચારી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



સમજશે. ગુણ ગ્રહણ કરશે કે દોષ ગ્રહણ કરશે યા અર્થનો અનર્થ કરી અંધાધૂંધી ફેલાવશે ? એ અકળ વસ્તુ છે. એટલે જે કાર્ય કરવું તે વિચારીને વિવેકપૂર્વક કરવું તે ડાહ્યા માણસનું કર્ત્તવ્ય છે.

૯ અધ્યાત્મજ્ઞાનરૂપી તાણો અને વ્યવહાર-જ્ઞાનરૂપી વાણો જીવનરૂપ શાળમાં વણી, તે સુસંસ્કારરૂપ પોશાક પહેરી, બાહ્ય, તેમજ અભ્યંતર જીવનને આદર્શ બનાવો.

૧૦ આયુષ્યની ખબર નથી. જીવનમાં સ્વસ્વરૂપનું દર્શન કરવું છે, બધાં શાસ્ત્રો ભણવાનો કે વાંચવાનો સમય ન મળતો હોય તો જેનાથી તાત્કાલિક પોતાને પોતાના આત્મા સંબંધીનું જ્ઞાન પ્રાપ્ત થાય તેની ચાવી ગ્રહણ કરી આત્મશાંતિને પંથે વિચરી સત્યદર્શન પ્રાપ્ત કરવું અને આત્મા કર્મરહિત-નિર્લેપ શુદ્ધ થાય એવો જ પુરુષાર્થ ફોરવવો. આડા-અવળા ભટકાઇ અતોભ્રષ્ટ તતોભ્રષ્ટ થવું તે અનર્થરૂપ છે. (ચાલુ)

## ' ધર્મવીર ઉપાધ્યાય ' શ્રી સોહનવિજયજી મહારાજના જીવનચરિત્ર સંબંધે મળેલા અભિપ્રાયો.

**" મુંબઈ સમાચાર "** તા. ૬-૫-૧૯૪૨

જાણીતા જૈનાચાર્ય ધર્મવીર ઉપાધ્યાય શ્રી સોહનવિજયજીના જીવનપરિચય કરાવતા ઉપલા પુસ્તકમાં જૈન મુનિમહારાજો, જૈનધર્મના જ્વલંત આદર્શોના પ્રચારાર્થે શું શું કરી શકે તેનો ચિતાર આપવામાં આવ્યો છે. સ્વર્ગસ્થ ઉપાધ્યાયજી મહારાજે પોતાની જાતની પરવા કર્યા વગર ગુજરાત, કાઠિયાવાડ અને ખાસ કરીને પંજાબનો કઠણ વિહાર કરીને ઠામ ઠામ અહિંસા, દયાભાવ અને ઐક્યતાનો વાવટો ફરકાવ્યો હતો. તેમણે તેમના ઉપદેશોથી અનેક કસાઇઓને અહિંસક બનાવ્યા હતા. અનેકોને માંસ અને મદિરાથી વંચિત બનાવી માનવ-ધર્મની દીક્ષા આપી હતી. અનેક જૈન તથા જૈનેતરોને જીવનના પરમકલ્યાણનો મંત્ર આપીને પોતાનું સાધુજીવન સાર્થક કર્યું હતું, આવા પરમ ત્યાગી, યોગી અને કલ્યાણગામી મહાત્માના જીવનનો પરિચય આ પુસ્તકમાં તેજના કિરણો વેરી ગયો છે. પુસ્તક નીચેના ઠેકાણેથી વગર કિંમતે મળી શકશે.

**શ્રી આત્માનંદ જૈન સભા,**
ગોડીજીની ચાલ, પાયધુની, મુંબઈ નં. ૨.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# મૃગાવતીની નિરાશા

[૪]

લેખક: મોહનલાલ દીપચંદ ચોકસી.

અહા ! કેવું સુંદર રૂપ ! જાણે સાક્ષાત્ કામદેવ. ચહેરાની રમણીયતા, મનોહર નેત્રયુગલ અને નમણું નાક. કોઈપણ જોનારને લોભાવે તો મારા જેવી બાળાને મંત્રમુગ્ધ બનાવે એમાં આશ્ચર્ય પણ શું સંભવે ? પણ એ કુમાર અચાનક એકાએક અહીં ફૂટી નીકળ્યો કયાંથી ? ઘણીયે વાર માતાના મંદિરે મારું આગમન થયેલું છે છતાં કોઈવાર મેં એને જોયો નથી. અરે, પિતાના મુખે નામ પણ સાંભળ્યું નથી તો ? માતાના મંદિરમાં પણ એ દેખાયો નથી !

ત્યાં તો રથમાંથી ઊતરતી માતા મુરાદેવીના શબ્દો કાને અથડાયા:

મૃગાવતી, કાળીમાતાનું મંદિર આવી ચૂકયું છતાં તું કેમ ઊતરતી નથી ? શા વિચારમાં મશગુલ બની છે ?

માતાજી, આ ઊતરી. એમ કહી તરત જ રથમાંથી ઊતરી માદીકરી સામે આવેલ દેવીમંદિરના પગથિયા ચઢવા લાગી.

વાચક મૃગાવતી મલ્લિપુરના રાજવી પદ્મનાભની દીકરી થાય છે એ વાતથી અજાણ્યો નથી. માદીકરી ઘણીવાર મંદારગિરિની તલાટીમાં આવેલ કાળીમાતાના મંદિરે દર્શનાર્થે આવતા. મૃગાવતીના મનમાં ઉપર વર્ણવી જે તરંગશ્રેણી વહી રહી હતી એનું કારણ ગયા અંકમાં આપણે જોઇ ચૂકયા તેવી આચાર્ય અમરકીર્તિની હૃદયસ્પર્શી દેશના હતી. જયારથી મહારાજે ચોમાસું મંદારગિરિની ગુહામાં જ વ્યતીત કરવાનો નિર્ધાર કર્યો ત્યારથી ચંપાનગરનો રાજપુત્ર મહેન્દ્ર અવારનવાર તેમની પાસે દેશના શ્રવણ કરવા આવવા લાગ્યો હતો. સૂરિજીના 'ક્ષમાધર્મ' પરના વિવેચને એને મંત્રમુગ્ધ બનાવ્યો હતો. એ માટે લાગલાગટ ત્રણ દિનથી તે આવતો હતો. એ વિષયની આજે પૂર્ણાહૂતિ થતાં પોતાના અશ્વ જોડેલા રથમાં બેસી, મંદારગિરિની દિશામાંથી નિકળી ચંપાનગરની દિશામાં જઇ રહ્યો હતો. એ જ વેળા મલ્લિપુરની રાણી મુરાદેવી પોતાની પુત્રી મૃગાવતી સાથે કાળીમાતાનાં દર્શને રથમાં બેસી આવી રહી હતી. આમ અચાનક ઉભય રથનો માર્ગમાં ભેટો થયો. 'કાગનું બેસવું ને તાડનું પડવું' એ ન્યાયે સરખી સમૃદ્ધિવાળા રથના દર્શન થતાં જ એક તરફ મૃગાવતીએ અને બીજી બાજુ મહેન્દ્રકુમારે પોતાના મુખ રથ બહાર કાઢ્યા. એકબીજાની નજર મળી ! Birds of a feather flock to gether એ ઉક્તિ અનુસાર યુવાનીનાં આંગણે ઊભેલા આ બન્ને હૃદયો આ પ્રકારના અચાનક યોગથી વિચારપ્રવાહમાં વહી રહ્યાં. એમાં સ્નેહ યા પ્રેમ નામના અપૂર્વ બીજનો ઉદ્‌ભવ થયો. '**समानशीलव्यसनेषु सख्यम्**' એ સૂત્ર અનુસાર તેમના અંતરમાં એકબીજા પ્રત્યેનું આકર્ષણ જન્મ્યું. ભિન્ન દિશામાં ગતિમાન થયેલ અશ્વોએ એમાં અંતરનો વધારો કરી મૂકયો, છતાં હૃદયના તારનો ઝણઝણાટ તો ચાલુ રહ્યો. એથી મૃગાવતીના મનઃપ્રદેશમાં જે તરંગો ઉદ્‌ભવ્યા તે આપણે ઉપર જોઇ ગયા. આજે કાળીમાતાને પ્રણામ કરનાર મૃગાવતીના હસ્તદ્વય ખરેખર કૃત્રિમતાનો ભાગ ભજવતા હતા. અંતરમાં તો 'પેલો કુમાર' કોણ હશે ? કયાંનો હશે ? કેમ આવ્યો હશે ? અને પુનઃ કેવી રીતે મળશે કિંવા કયારે મળશે ? એવા એવા વિચારોનું મંથન ચાલી રહ્યું હતું.

મૃગાવતી માતા સાથે પાછી ફરી, છતાં મનમાંથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પેલા કુમાર સંબંધી જિજ્ઞાસા જરાપણ ન્યૂન નહોતી થઈ. કોઈપણ રીતે ફરીથી એને નિહાળવાની વૃત્તિ વધુ જોરદાર બની. રાણી કંઇ રોજ માતાના દર્શને આવતી નહોતી છતાં રાજપુત્રીના આગ્રહથી પેલા બનાવ પછી લાગટ ત્રણ દિવસ સુધી આવ્યા કરી. જો કે એમ કરવામાં માત્ર મૃગાવતીને પેલા કુમારનો ભેટો કરવાની મુરાદ સિવાય અન્ય કંઇ જ હેતુ નહોતો, છતાં એમાં નિરાશા જ પ્રાપ્ત થઇ. છતાં રાજપુત્રીએ પ્રયાસ સેવવાની વૃત્તિ ચાલુ રાખી. માતા સન્મુખ મંદારગિરિ પર આવેલ મલ્લિનાથનાં મંદિરમાં ચાલતા ઉત્સવનો લાભ લેવા સારુ ત્યાં જવાનો પ્રસ્તાવ મૂકયો. મુરાદેવી પૂર્વે એ મંદિરમાં જતી અને દર્શનનો આનંદ માણતી; પણ પુત્રીના જન્મ પછી રાજવીની શ્રદ્ધા પલટો પામી અને કાળીમાતાના પ્રતિ વળી ત્યારથી રાણીએ ગિરિ પરના મંદિરમાં જવાનું લગભગ મૂકી દીધું. પદ્મનાભ રાજા જેટલી અંધશ્રદ્ધા તેણીને કાળીમાતામાં નહોતી જન્મી. પણ રાજવીની પુત્રમુખદર્શનની અભિલાષા કદાચ કાળીમાતાની ભક્તિથી ફળવતી થાય એમાં પોતે આડખીલીરૂપ ન લેખાય એ કારણે પોતે ઉપર વર્ણવેલ વલણ અંગીકાર કર્યું હતું. માતાના મંદિરની વેદિ પર અપાતાં જીવતાં પશુઓના બળિદાનથી મુરાદેવીનું અંતર આર્દ્ર બનતું. એ દશ્ય જોવાથી તેણીને ઘૃણા પેદા થતી તેથી એવા પ્રસંગોમાં તે ઘણુંખરું ગેરહાજર રહેતી. આવી પરિસ્થિતિ છતાં પુત્રીએ રજૂ કરેલ દરખાસ્તને તે ટેકો આપી શકી નહીં. નૃપતું વલણ એ સારી રીતે સમજતી હોવાથી તેણીએ એટલો જવાબ દીધો કે તારા પિતાશ્રી અનુજ્ઞા આપે તો મને કંઇ વાંધો નથી. હું તારી સાથે આવવા તૈયાર છું.

પદ્મનાભને સંતાનમાં એકલી–અટૂલી આ પુત્રી મૃગાવતી હોવાથી ભાગ્યે જ એની કોઇ વાત અપૂર્ણ રહેવા દેતો. જ્યારે મૃગાવતીએ મંદારગિરિના દર્શને જવાની વાત નૃપ સમક્ષ રજૂ કરી ત્યારે પ્રથમ તો એને ક્ષોભ થયો, પણ આખરે નમતું તોલવું પડયું. એ વેળા ખાસ ચેતવણી આપી કે દર્શનકાર્ય પતાવી તમારે સત્વર પાછા ફરવું. પેલા સાધુનો ઉપદેશ શ્રવણ કરવા જવું નહીં તેમ અન્ય કોઇ સ્થળે થોભવું પણ નહીં. આ રીતે પેલા કુમારને જોવા સારુ શ્રી મલ્લિનાથના દર્શનનું નિમિત્ત ઊભું કરી જે માર્ગ શોધ્યો એમાં તરત તો તેણીનો બેડો પાર થયો, પણ વિધિના રાહ વાંકા ત્યાં માનવયત્ન કયાંથી કારગત નીવડે ?

પિતાની મંજૂરી પ્રાપ્ત કરી, માતા સાથે મૃગાવતી ઉત્સાહભેર મંદારગિરિની તળેટીમાં આવી પહોંચી. રથિકે રાણીની આજ્ઞા મુજબ રથને એક બાજુ રાખી, અશ્વોને છૂટા કરી દીધા. માદીકરી ટેકરીના પગથિયાં વાતો કરતાં ચઢવા લાગ્યાં. ગિરિ પરથી નીચે નજર કરતાં મલ્લિપુર નગરની શોભા અને આસપાસ વિસ્તરેલી વનરાજીથી અપૂર્વ દશ્ય ખડું થતું. લીલી હરિયાળી મધ્યે શહેર એક નાનકડા દ્વીપ સમું શોભતું. જિંદગીમાં પહેલી જ વાર આવું અનુપમ સૃષ્ટિસૌન્દર્ય નિરખી મૃગાવતી હર્ષથી નાચી રહી. માતાને ઉદ્દેશી કહેવા લાગી કે આજદિન સુધીમાં એકાદવાર પણ આપણે અહીં આવ્યા નહીં એથી આવા રમણીય દશ્યનો લાભ ગુમાવ્યો. મારું મન પોકારે છે કે અહીં રોજ આવી કલાક બે કલાક બેસીને કુદરતે છૂટા હાથે વેરેલી આ નૈસર્ગિક શોભાનું પેટભરી પાન કરું. રાજમહાલયના સુખ આની આગળ કંઇ જ વિસાતમાં નથી.

માતા પુત્રીના વચનો મૌનપણે સાંભળી રહી. વર્ષો પૂર્વેની સ્મૃતિ તાજી થઇ. પોતે કેવા આનંદથી અહીં આવતી અને જીનમંદિરમાં કેવા ભાવથી અર્ચન–સ્તવન કરતી તે ચક્ષુ સમીપ તરવા લાગ્યું. પણ રાજવીનું દિલ માતાની ભક્તિમાં વળ્યું અને એમાં પેલા પુરોહિતે ઊંધા પાટા બંધાવ્યા ત્યારથી આખો ક્રમ જ ઉલ્ટાઇ ગયો, આ તરફ ડગ ભરવાની જ મનાઈ થઇ. આમ મનનું દુઃખ મનમાં જ શમાવવું પડયું.

ઉભય માદીકરી મંદિરમાં પહોંચ્યા. પૂજામાં ભાગ લેવા સંખ્યાબંધ નર–નારીઓ એકત્ર થયા હતા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઘણા વર્ષો પછી રાજમાતાને આમ એકાએક આવેલ જોઇ સર્વત્ર આશ્ચર્યનો વાયુ પ્રસરી રહ્યો. ઘણા તો રાજી રાજી થઇ ગયા અને તેમને જવાનો માર્ગ કરી આપવા લાગ્યા. છતાં થોડાના મનમાં તો જાતજાતની શંકાઓના વંટોળ ઉદ્દ્ભવ્યા.

મૃગાવતી તો મંદિરની શિલ્પકળા અને સુંદર બાંધણી જોઇ અજાયબીમાં ગરકાવ થઇ ગઇ કાળીમાતાની દેરીએ આવતાં જો કે આ મંદિરનું શિખર નજરે પડતું પણ એની નીચે આવી અદ્દ્ભુત કારીગરી છુપાએલી છે એ તો તેણે આજે જ જોયું. પ્રશમરસમાં મગ્ન ન થયેલ વીતરાગની મૂર્તિ જોતાં જ તેણીનું મન તરંગે ચઢયું. કાળીમાતાની રૌદ્ર સ્વરૂપી ને બિહામણી મૂર્તિ એની સામે ખડી થઇ. સહજ સરખામણીના ચક્રો ગતિમાન થયા. પણ અહા! ઊંડાણમાંથી નાદ ઊઠ્યો, સરખામણી? અશક્ય! જ્યાં પ્રકૃતિભેદ પહાડ સદ્દશ સામે દેખાય છે ત્યાં સરખામણી? છિ! છિ! કયાં સોળે કળે ખીલી સકળ વિશ્વને તાજગી આપનાર અંશુમાલી અને કયાં અદકેરો આગિયો! સુવર્ણની તોલે કેવળ પીળા વર્ણના મળતાપણાને લઇ પિત્તળને કાંટે ચઢાવવું એમાં બુદ્ધિમત્તા ન જ સંભવે. જગતના નેત્રો ભલેને ત્યાં પણ દેવ અને અહીં પણ દેવ એમ કહે, પણ સાચા પરીક્ષકની નજરે તો એક પત્થર અને બીજો હીરો. જ્યાં ગુણની આલોચના થવા માંડે ત્યાં દૂધ-પાણી જુદા પડી જાય જ. કયાં બિહામણી મુદ્રાવાળી અને નરમુંડોની માળા ધરનાર પેલી કાળીમાતા અને કયાં આ સૌમ્ય મુદ્રાધારી, ગુલાબ, જાસૂદ ને ચંપા આદિના સુગંધી પુષ્પોની માળાથી અલંકૃત થયેલ મલ્લિનાથ પ્રભુ! ત્યાં હિંસા એ ધર્મનું અંગ ગણાય. મૂંગા પશુના બલિદાનમાં પુણ્ય મનાય. જ્યારે અહીં તો અહિંસા જ મૂળ પાયારૂપે-કીડીથી માંડી કુંજર સુધીના જીવોને નિર્ભયતા. અરે, ભૂલી. વનસ્પતિના જીવોને પણ અભયપણું. પુષ્પની પાંખડી સરખી પણ કિલામણા ન પામે એવી રીતે વર્તવાનું; અને જગતમાં સુંદર મનાતા નિર્દોષ દ્રવ્યોથી પૂજન. આવા સુંદર સ્થાનમાં પિતાજી શા કારણે આવતા નથી? એ પ્રશ્ન મનમાં સહજ ઊઠ્યો પણ ત્યાં તો મુરાદેવીનો અવાજ આવ્યો.

'મૃગાવતી, આમ કયાં સુધી વિચારમગ્ન બની બેસી રહીશ? જલ્દીથી દર્શન કરી સર્વ જોઇ લે. પાછા ફરવાનો સમય થશે. મોડું થશે તો ઠપકાપાત્ર બનશું.'

એકાએક ઊંઘમાંથી જાગનાર માણસની માફક તરંગશ્રેણીમાંથી હાથ ઉઠાવી મૃગાવતી સત્વર જુદા જુદા ભાગમાં ફરી વળી. મંદિર બહાર પગ મૂકતાં જ જે નિમિત્તને આશ્રયી આજનો આ અનુપમ લ્હાવ પ્રાપ્ત થયો એ યાદ આવ્યું.

લોકોએ રાણી માતાને ઉદ્દેશી કહ્યું:—

'બા સાહેબ, પેલી સામે દેખાતી ગુફામાં આચાર્ય અમરકીર્તિ બિરાજે છે. સામે દેખાતાં મંડપમાં એમનું પ્રવચન શરુ થવાને હવે થોડો જ વિલંબ છે.'

પણ મૃગાવતીને પિતાની શરત યાદ આવી. વળી જેને માટે ચાલી ચલાવી આવી હતી તેના આગમનની કંઇ નિશાની દેખાણી નહીં એટલે વધુ વિલંબ ન કરતાં મા સાથે પાછી ફરી.

બે દિવસ પછી મુરાદેવીની તબિયત નરમ થઇ ત્યારે પોતાની સખીને લઇને તે પહાડ પર આવી. આમ ચારપાંચ આંટા થયા છતાં પેલો કુમાર પુનઃ દૃષ્ટિપથમાં આવ્યો જ નહીં.

મૃગાવતીની નિરાશાનો પાર ન રહ્યો.

( ચાલુ )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈનાગમ નિયમાવલી

લેખક: આ. શ્રી વિજયપદ્મસૂરિજી મહારાજ.

( ગતાંક પૃષ્ઠ ૧૮ થી શરુ )

૨૯ અગીઆરમા શ્રી ઉપશાંત કષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનકે અને બારમા ક્ષીણકષાય વીતરાગ છદ્મસ્થ ગુણસ્થાનકે તથા તેરમા સયોગિકેવલિ ગુણસ્થાનકે એક શાતાવેદનીયને જ બંધ હોય છે. એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રવૃત્તિ–પંચસંગ્રહ વૃત્તિ–કર્મ પ્રકૃતિ વૃત્તિ–કર્મગ્રંથવૃત્તિ વગેરેમાં જણાવ્યું છે.

૩૦ સયોગિ કેવલિ ગુણસ્થાનકે એક શુકલ લેશ્યા જ હોય, બીજી લેશ્યાઓ ન હોય એમ કર્મગ્રંથ વૃત્તિ વગેરેમાં જણાવ્યું છે.

૩૧ વિપુલમતિ મનઃપર્યવજ્ઞાન અપ્રતિપાતિ જ હોય, એટલે તે જ્ઞાનને ધારણ કરનારા ભવ્ય જીવો જરૂર કેવલજ્ઞાન પામે.

૩૨ શ્રી પંચસંગ્રહાદિમાં કહ્યું કે ભવ્ય મનુષ્યને ૧૫ યોગ હોય. અહીં ભવ્ય પુરુષોની અપેક્ષાએ ૧૫ યોગ સમજવા. ભવ્ય સ્ત્રીઓની અપેક્ષાએ ૧૫ યોગ ઘટી શકે જ નહિ; કારણ કે ભવ્ય સ્ત્રીઓને અઢાર લબ્ધિઓ હોય. બાકીની ૧૦ લબ્ધિઓ ન હોય. તે દશમાં પૂર્વધરલબ્ધિ અને આહારકલબ્ધિ ગણાવી છે, તે ઉપરથી સાબિત થાય છે કે ભવ્ય સ્ત્રીઓને ૧૩ યોગ હોય અને આહારક શરીરને બનાવવાની લાયકાત ન હોય. અહીં અઠ્યાવીશ લબ્ધિના નામ જાણવા જેવા છે. તે ટૂંકામાં આ પ્રમાણે જાણવા. ૧–આમર્ષૌષધિલબ્ધિ. ૨–વિપ્રુડૌષધિલબ્ધિ. ૩–ખેલૌષધિલબ્ધિ. ૪–જલ્લૌષધિલબ્ધિ. ૫–સર્વૌષધિલબ્ધિ. ૬–સંભિન્નશ્રોતોલબ્ધિ. ૭–અવધિજ્ઞાનલબ્ધિ. ૮–ઋજુમતિમનઃપર્યવજ્ઞાનલબ્ધિ. ૯–વિપુલમતિમનઃપર્યવજ્ઞાનલબ્ધિ. ૧૦–ચારણલબ્ધિ. ૧૧–આશીવિષલબ્ધિ. ૧૨–કેવલલબ્ધિ. ૧૩–ગણધરલબ્ધિ. ૧૪–પૂર્વધરલબ્ધિ. ૧૫–અરિહંતલબ્ધિ. ૧૬–ચક્રવર્તીલબ્ધિ. ૧૭–બલદેવલબ્ધિ. ૧૮–વાસુદેવલબ્ધિ. ૧૯–ક્ષીરમધુસર્પિરાશ્રવલબ્ધિ. ૨૦–કોષ્ઠકબુદ્ધિલબ્ધિ. ૨૧–પદાનુસારિણીલબ્ધિ. ૨૨–બીજબુદ્ધિલબ્ધિ. ૨૩–તેજોલેશ્યાલબ્ધિ. ૨૪–શીતલેશ્યાલબ્ધિ. ૨૫–આહારકલબ્ધિ. ૨૬–વૈક્રિયશરીરલબ્ધિ ૨૭–અક્ષીણમહાનસીલબ્ધિ. ૨૮–પુલાકલબ્ધિ. આ બધી લબ્ધિઓનું વિસ્તારથી સ્વરૂપ શ્રી પ્રવચનસારોદ્ધાર–દેશના ચિંતામણિ–શ્રી ગૌતમસ્વામી સ્તોત્રાદિમાં જણાવ્યું છે. આ ૨૮માંથી ૧૦ લબ્ધિઓ ભવ્ય સ્ત્રીઓને ન હોય. તે આ પ્રમાણે–અરિહંતલબ્ધિ, ચક્રવર્તીલબ્ધિ, વાસુદેવલબ્ધિ, બલદેવલબ્ધિ, સંભિન્નશ્રોતોલબ્ધિ, **જંઘાચારણ–વિદ્યાચારણલબ્ધિ**, પૂર્વધરલબ્ધિ, ગણધરલબ્ધિ, પુલાકલબ્ધિ, આહારકલબ્ધિ, ભવ્ય સ્ત્રીઓને ન હોય. તથા ૪ મનોયોગના, ૪ વચનયોગના, ને, કાયયોગના ભેદ મળીને ૧૫ યોગ થાય છે. તેમાંથી ભવ્ય સ્ત્રીઓને આહારક કાયયોગ, અને આહારક મિશ્રકાયયોગ ન હોય;

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કારણુ કે તેમને આહારલબ્ધિ ન હોવાથી આહારકશરીર બનાવવાનો અધિકાર નથી.

૩૩ દેવાયુષ્યનો કે નરકાયુષ્યનો બંધ મનુષ્યભવમાં અથવા તિર્યંચના ભવમાં થઇ શકે. આ બે ભવ સિવાય બીજા ભવમાં થઈ શકે જ નહિ; કારણુ કે બીજા તરીકે દેવભવ–નરકભવ લઈ શકાય. ત્યાં દેવાયુષ્ય કે નરકાયુષ્ય બંધાય જ નહિ; કારણુ કે તરતના ભવમાં દેવો મરીને દેવ કે નારક થાય જ નહિ. એમ નારકીના જીવો પણુ મરીને તરતના ભવમાં નારકી કે દેવ થાય જ નહિ એમ શ્રી પ્રજ્ઞાપના સૂત્રવૃત્તિ વગેરેમાં જણાવ્યું છે.

૩૪ એકસાગરોપમથી માંડીને તેત્રીશ સાગરોપમ સુધીના આયુષ્યને ધારણુ કરનારા દેવોને આહારની ઇચ્છા કેટલા કેટલા કાલ (સમય)ના અંતરે થાય ? તથા શ્વાસોશ્વાસ લેવાની જરૂરિયાત કેટલા કેટલા કાલના અંતરે હોય ? આ બે પ્રશ્નોના ખુલાસા શ્રી પ્રજ્ઞાપના સૂત્રની ટીકામાં શ્રી મલયગિરિજી મહારાજે કર્યા છે તે આ પ્રમાણે—જે દેવનું જેટલા સાગરોપમનું આયુષ્ય હોય, તે દેવને તેટલા હજાર વર્ષો વીત્યા બાદ આહારની ઇચ્છા થાય. અને તેટલા પખવાડીયા વીત્યા બાદ શ્વાસોશ્વાસ લે. દાખલા તરીકે સમજી લ્યો કે એક દેવને આજે આહારની ઇચ્છા થઇ. હવે ફરીથી તેને એક સાગરોપમનું આયુષ્ય હોય, તો એક હજાર વર્ષ પછી આહારની ઇચ્છા થાય, ને પંદર દિવસ પછી શ્વાસોશ્વાસ લ્યે. વિશેષ બીના શ્રી બૃહત્સંગ્રહણી વગેરે ઘણાં શાસ્ત્રોમાં જણાવી છે.

૩૫ દેવતાઇ એક નાટકમાં દેવોને ચાર હજાર વર્ષો ચાલ્યા જાય છે. આવું વિલાસપ્રધાન દેવતાઇ જીવન હોવાથી આત્મદષ્ટિએ તે ઉત્તમ ગણાય જ નહિ. શ્રી પાર્શ્વનાથના સાતમા ગણુધરના વર્ણનમાં આ બિના ટૂંકામાં જણાવી છે.

૩૬ સાત સમુદ્દઘાતમાં છદ્મસ્થ જીવોને વલિસમુદ્દઘાત સિવાયના છ એ સમુદ્દઘાત હોય. શ્રી કેવલિભગવંતોને–હોય તો એક કેવલિ સમુદ્દઘાત જ હોય.

૩૭ ગુણોના જેવો જ ગુણી હોવો જોઇએ જેમ જ્ઞાનાદિ ગુણો અરૂપી છે, તો તેનો આધાર આત્મા પણુ અરૂપી જ છે. શરીરાદિ રૂપી પદાર્થો વાસ્તવિક રીતે જ્ઞાનાદિ ગુણોના આધાર છે એમ કહી શકાય જ નહિ.

૩૮ કર્મના પ્રદેશોની અપેક્ષાએ દરેક કર્મ જરૂર ભોગવાય જ. કર્મનો રસ ભોગવાય અથવા ન પણુ ભોગવાય. આજ વાતને લક્ષમાં દશ પૂર્વધર શ્રી ઉમાસ્વાતિ વાચકના શિષ્ય શ્રી શ્યામાચાર્ય મહારાજે બનાવેલા શ્રી પ્રજ્ઞાપના સૂત્રમાં કહ્યું છે કે–કર્મના દલિયા જરૂર ભોગવાય પણુ રસને ભોગવવાની બાબતમાં ભજના જાણુવી.

૩૯ કર્મદલિકોની અંદર જેટલા પ્રમાણુમાં રસ હોય તેને જ અનુસારે કર્મનો સ્થિતિ બંધ થાય છે. એટલે કર્મની સ્થિતિ–કર્મના રસને આધીન હોય છે. આ બાબતમાં લાડવાનું દષ્ટાંત વિચારવું.

૪૦ કર્મસ્વરૂપની બાબતમાં સમજવું જોઇએ કે ૧–બંધકાલ અને ૨–ઉદયકાલમાં એક બંધકાલ જ સ્વાધીનકાલ કહેવાય છે. ઉદયકાલ તેવો નથી, કારણુ કે કર્મનો ઉદય થતાં જીવને ફલ ભોગવવું જ પડે છે.

(ચાલુ)

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# रत्नान्योक्ति

( अनुष्टुप वृत्त )

**मणिर्लुठति पादेषु, काचः शिरसि धार्यते ।**
**क्रयविक्रयवेळायां, काचः काचो मणिर्मणिः ॥**

જેને વસ્તુની ખરી કિંમત નથી તે ભલેને મણિને પગમાં પહેરે અને કાચને માથાને વિષે ધારણ કરે, પણ જ્યારે ભરબજારમાં તેને રત્નપરીક્ષકો પાસે વેચવામાં આવે ત્યારે તો મણિ તે મણિ ( રત્નોની પંક્તિમાં કિંમત પામે છે ) અને કાચ તે તો ક્ષુદ્ર કિંમતી પદાર્થોની જ કિંમતમાં ખપે.

અર્થાત્ ગુણવાન, વિદ્વાન કે કુલપરંપરા પ્રાપ્ત ખાનદાન જનો, ભલે કોઇ કારણવશાત્ પોતાના લાયક સ્થાનને ન પામે અને ક્ષુલ્લક હૃદયના જનો ઉચ્ચ-સ્થળે બેસે, પણ ખરી કસોટીના વખતે તો તે આપોઆપ પરખાઈ જ આવે કેમકે **प्रासादशिखरस्थोपि काकः किं गरुडायते !** કદાચ કાગડો મહેલના શિખરે બેસે, તેથી તે શું ગરુડ કહેવાશે ? નહીં જ; કેમકે સકળ સ્થળે **गुणाः पूजास्थानं गुणिषु न च रुपं न च वयः** સર્વત્ર ગુણો જ પૂજાય છે. કાંઇ આકૃતિ કે રૂપ પૂજાર્હ ગણાતાં નથી જ. વળી વિશેષમાં કવિઓ કહે છે કે:—

**हंसः श्वेतो बकः श्वेतः, को भेदो बकहंसयोः ।**
**नीरक्षीरविभागेषु, हंसो हंसः बको बकः ॥**

હંસનું સ્વરૂપ શ્વેત–ઉજ્જ્વળ–શુભ્ર છે અને બગલાના શરીરનો રંગ પણ ઉજ્જ્વળ–ધોળો જ છે, તો એ ભેદ શી રીતે ( કયો હંસ અને કયો બગ ) જાણી શકાય ? વિદ્વાનો ખુલાસો કરે છે કે એકત્ર થએલ દૂધ–પાણીનું પ્રથક્કરણ કરી એ બંનેને જુદાં પાડે એ જ હંસ ! બાકી તો મચ્છીગ્રાહક બગ !!!

અથવા વિશેષમાં, **काकः कृष्णः पिकः कृष्णः को भेदः पिककाकयोः ।** કાગડાનો રંગ કાળો છે તેમજ કોકિલાનો રંગ પણ કૃષ્ણ જ છે, તો કાક અને પિક ( કોયલ )ની ઓળખ શી ? **वसंतसमये प्राप्ते, काकः काकः पिकः पिकः** જ્યારે વસંતઋતુનું પ્રાગટ્ય થાય છે ત્યારે પ્રાય: સ્વરભેદવડે કાગડા અને કોકિલા સ્વત: જ ઓળખાઇ આવે છે ( કયાં કર્ણકઠોર કાગવાણી અને કયાં પંચમસ્વરી–માધુર્યભરી જગત્ મોહન કોકિલાનો ટહુકાર !!!

વહાલા વિવેકી વાચકવૃંદ, ઉપરના સાહિત્ય( કાવ્ય )માંથી આપણને સ્પષ્ટ-જ્ઞાન થાય છે કે કુદરતબક્ષિશ સંપત્તિનું સાચું સ્વરૂપ સ્થળ અને સમય-પ્રાપ્તિમાં પ્રભાવસહિત પ્રગટ થયા વિના રહેતું જ નથી.

કુદરત પ્રસાદિત રૂપ–રંગ–શક્તિ વગેરેની પ્રભા કૈં અનેરી જ છે. ડોળ–દંભ કે કૃત્રિમતા આપોઆપ જગજાહેર થઇ યથા કિંમતે જ ગણાઈ જાય છે. સાર-ગ્રાહક બુદ્ધિએ આપણે તો ઉપરની અન્યોકિતને અનુસરીશું.

સં. ૧૯૯૮ ની
શ્રાવણી ( બળેવ )
તા. ૨૬–૮–૪૨ સૌમ્યવાસર

લી. સત્ય–તત્ત્વશોધક
**રેવાશંકર વાલજી બધેકા**
ધર્મોપદેશક–ઉ. કન્યાશાળા, ભાવનગર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સ્વીકાર–સમાલોચના

'Romantic Japan' 'રોમાન્ટિક જાપાન' એ નામનું ઇંગ્રેજી પુસ્તક તેના લેખક મી. બંસી તરફથી અમોને સમાલોચના માટે મળ્યું છે, તેનો અમો સાભાર સ્વીકાર કરીએ છીએ. જાપાન બાબત ઘણી રહસ્યમય અને જાણવા જેવી બાબતો સાથે રસપૂર્ણ કલામય ગ્રંથ લખીને લેખક મહાશયે આપણને ઘણું જાણવા જેવું આપ્યું છે, તે ગ્રંથ વાંચનાર કોઈને પણ ખાતરી થયા વગર રહેશે નહિ. લેખકે શરુઆતના પ્રથમ પ્રકરણમાં જાપાનને એશિયાની કમળ–ભૂમિ નામ આપીને તેના નૈસર્ગિક સૌંદર્યનો સારો ખ્યાલ આપ્યો છે અને ૩૨ મા પ્રકરણમાં જાપાનની કેટલીક આશ્ચર્યજનક બીજા દેશોથી જુદી દેખાતી વિચિત્ર તથા જ્ઞાન સાથે ગમત આપે તેવી રસિક હકીકતો રીતરિવાજો આપીને ગ્રંથને મહત્ત્વપૂર્ણ બનાવ્યો છે. છેવટના બે પ્રકરણોમાં જાપાનમાં ( તે વખતે ) કામ કરતી આપણી દેશી વેપારી પેઢીઓ અને મુંબઈની આગેવાન વેપારી પેઢીઓના નામ આપીને ગ્રંથની સમાપ્તિ કરી છે. ગ્રંથના કવર ઉપર લેખકની ગુજરાતી ભાષામાં બીજી સાહિત્યકૃતિઓના તથા હવે પછી બે મહત્ત્વના બહાર પડનારા ગ્રંથોના નામ આપેલા છે જે લેખકના સાહિત્યશોખ સાથે હુન્નર, ઉદ્યોગ, વેપાર પરત્વે મમતા બતાવે છે. પુસ્તકની મોટી સાઈઝ, ઊંચા કાગળ ઉપર સુંદર કલામય છપાઈ, ૩૦૦ ઉપરાંત પાના ઉપર જાપાનને લગતા વિવિધ વિષયો ઉપર અંગ્રેજી ભાષામાં સંગીન લખાણ સાથે ગ્લેઝ કાગળ ઉપર લગભગ ૫૦ પાનામાં જાપાનના કુદરતી દ્રશ્યો, જોવાલાયક સ્થળો અને જાપાની સ્ત્રીપુરુષના સુંદર ઉપયોગી ફોટાઓથી પુસ્તકને આકર્ષક બનાવવામાં આવ્યું છે. જાપાન દેશ તથા તેની પ્રજાનો આપણને અભ્યાસપૂર્ણ ખ્યાલ કર્તાએ આપ્યો છે તે માટે તેને અભિનંદન ઘટે છે. ઉપરોક્ત ગ્રંથ અત્યારના સમયમાં ખાસ વાંચી જવા લાયક છે.

સમગ્ર રીતે વિચાર કરતાં અત્યારના સમયમાં જાપાન વિષયક અભ્યાસ માટે '**રોમાન્ટિક જાપાન**' બહુ ઉપયોગી સાધન પૂરૂ પાડે છે. લેખકે કૉલેજનું શિક્ષણ કે યુનિવર્સિટીની ડીગ્રી નહિ મેળવ્યા છતાં ખાનગી અભ્યાસ અને અનુભવબળે ઈંગ્રેજી ભાષામાં આવો સુંદર ગ્રંથ લખીને પોતાની શક્તિનો પરિચય આપ્યો છે. કોઈ કોઈ સ્થળે દેખાતો ભાષાનો કે શાબ્દિક દોષ ક્ષંતવ્ય છે. લેખકની કૃતિ ઘણી પ્રશંસાત્મક અને ઉપયોગી છે. પુસ્તક ઇંગ્રેજી ભાષામાં છે તેથી તેની ગુજરાતી ભાષામાં એક આવૃત્તિ બહાર પડી હોત તો લોકો તેનો વધારે લાભ લઈ શકત. કાગળની મોંઘવારી અને પુસ્તકની રચના જોતાં તેની પાંચ રૂપિયાની કિંમત વધારે નથી. પુસ્તક ભાવનગરમાં મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં છપાયું છે અને તે મળવાનું સ્થળ તેના સોલ એજન્ટ બંસી એન્ડ કું. કાલબાદેવી મુંબઈ નં. ૨ છે.

---

**"શ્રી નવકાર મહામંત્ર કલ્પ"** ત્રીજી આવૃત્તિ. સંપાદક—પ્રકાશક ચંદનમલ નાગોરી. મુ. છોટી સાદડી–મેવાડ. કિં. રૂા. ૧॥ ચૌદપૂર્વના સારભૂત પંચપરમેષ્ઠિ નવકારનું જૈન ધર્મના શાસ્ત્રોમાં તથા લોકોમાં એટલું મોટું માહાત્મ્ય છે કે જૈન શાસ્ત્રોના આધારે આ પુસ્તકનું સંપાદનકાર્ય કરીને નવકાર મંત્રના અભ્યાસ માટે ઘણી ઉપયોગી સામગ્રી પૂરી પાડી છે. પુસ્તકમાં વિધિ સાથે જુદા જુદા ચિત્રો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# .........વર્તમાન સમાચાર.........

તથા યંત્રો આપીને સંપાદક મહાશયે તેનો અભ્યાસ તથા જાપ કરનારા માટે પુસ્તકને વિશેષ ઉપયોગી બનાવ્યું છે. મુનિમહારાજ, જ્ઞાનભંડાર તથા પુસ્તકાલયને માટે ત્રણ આનાની પોસ્ટ ટિકિટ મોકલવાથી પુસ્તક ભેટ મળે છે. બીજાઓ માટે કિં. રૂ. ૧ાા દોઢ છે. પુસ્તક પ્રકાશકને ત્યાંથી મળે છે.

**"શ્રી નૂતન જિન સ્તવનમાલાદિ સંગ્રહ"** ભાગ ૧–૨–૩. આવૃત્તિ આઠમી. આચાર્ય શ્રી વિજયનેમિ સૂરીશ્વરજી મહારાજના પ્રશિષ્ય આચાર્યશ્રી વિજયલાવણ્યસૂરિના શિષ્ય મુનિરાજશ્રી દક્ષવિજયજી મહારાજે આ સ્તવનમાલાની રચના કરી છે. તેમણે લોકપ્રિય થએલા નાટકસિનેમાના ગાયનોની સંગીત પદ્ધતિએ સ્તવનો રચીને આ પૉકેટ સ્તવનમાળા પ્રસિદ્ધ કરાવેલ છે. પુસ્તકમાં દરેક તીર્થંકર ભગવંતો, તેમના કલ્યાણકો, ઘણા તીર્થોના સ્તવનો, જીવવિચાર પ્રકરણનો પદ્યમય અનુવાદ તથા કેટલીક સ્તુતિઓ આપેલી છે. લોકપ્રિયતાની ખાતર નાટકસિનેમાના શૃંગાર રસને પોષક સંગીતકલાને ધાર્મિક સ્તવનોમાં સ્થાન આપવાથી ધર્મનો આંતરિક ઉલ્લાસ જાગૃત થાય છે કે કેમ તે ચર્ચાનો વિષય છે; તો પણ અર્વાચીન પદ્ધતિના ગાયનોના રસિકવર્ગ માટે પુસ્તક ઉપયોગી છે. કિંમત કાંઈ લખી નથી. પુસ્તક મળવાનું સ્થળ શા ઇશ્વરદાસ મૂળચંદ ઠે. કીકા ભટ્ટની પોળ. અમદાવાદ છે.

## પંજાબના વર્તમાન.

પટ્ટીનગરમાં આચાર્યવર્ય શ્રીમદ્વિજયવલ્લભસૂરીશ્વરજી મહારાજના ચાતુર્માસ બિરાજવાથી જૈનો અને અજૈનોમાં ધર્મજાગૃતિ સારી આવી છે. સર્વ કોમોમાં ભારે ઉત્સાહ વ્યાપી રહેલ છે.

સૌ નિયમિત વ્યાખ્યાનનો લાભ લઈ આત્મકલ્યાણ સાધી રહ્યાં છે.

ગુજરાંવાલા, લાહોર, અમૃતસર, જંડીયાલાગુરુ, શીયાલકોટ, કસૂર વગેરેથી ભાવિકોનું આચાર્યશ્રીજીના દર્શનાર્થે આવાગમન રહ્યાં કરે છે!

કસૂરથી માજીસ્ટ્રેટ સાગરચંદ્રજી જૈન આદિ અધિકારીવર્ગ દર્શનાર્થ આવી વ્યાખ્યાનવાણીનો લાભ લઇ ગયા.

સાધ્વીજી શ્રી દેવશ્રીજી, હેમશ્રીજીના ઉપદેશથી શ્રાવિકાસંઘમાં પણ ધર્મભાવના વધતી જાય છે. હાલમાં શ્રાવિકાસંઘે પંચરંગી તપશ્ચર્યા સાનંદ કરી જેનાં પારણાં લાલા હંસરાજજી (કોટવાળાએ) એ શ્રા. શુ. દશમીએ કરાવી લ્હાવો લીધો.

સાધ્વીજીશ્રી વિવેકશ્રીજીએ અને લાલા રૂપચંદજીનાં ધર્મપત્નીએ અઠ્ઠાઇઓ કરી આત્મકલ્યાણ સાધ્યું. લાલા નંદરામજીના સુપુત્ર ગુરુભક્ત લાલા તીર્થરામજી જૈને સાનંદ પહેલી વાર અઠ્ઠાઇ કરી.

મુનિશ્રી શિવવિજયજી મહારાજ પણ યથાશક્તિ તપશ્ચર્યા કરી રહેલ છે, મેઘમહારાજા મહેર કરી ઠંડક કરી રહેલ છે.

કસૂરથી શ્રી સંઘના ૩૭ સભ્યો અને સુપ્રસિદ્ધ ક્ષત્રિય લાલા વેલેશાહ આદિ અને લુધીયાનાના શ્રાવક–શ્રાવિકાએ શ્રા. વ. પ્રતિપદાએ આચાર્ય શ્રીજીના દર્શનાર્થ આવી વ્યાખ્યાનવાણી આદિનો લાભ લીધો.

## મુંબઇ

પ્રાતઃસ્મરણીય પ્રવર્તકજી મહારાજ શ્રી કાંતિવિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જયજી મહારાજના સ્વર્ગવાસ નિમિત્તે મુંબઇની નીચે લખેલી સંસ્થાઓ શ્રી મુંબઈ જૈન સ્વયંસેવક મંડળ, શ્રી આત્માનંદ જૈન સભા-મુંબઈ, શ્રીયશોવિજયજી જૈન ગુરુકુલ, શ્રી ખંભાત વીશાપોરવાડ જૈન યુવક મંડળ, શ્રી સ્થંભણ તીર્થ જૈન મંડળ-મુંબઇ, શ્રી મહાવીર જૈન વિદ્યાલય, શ્રી જૈન બાળ મિત્રમંડળ-મુંબઈ, શ્રી જૈન વિદ્યાશાળા-મુંબઈ, શ્રી વીરતત્ત્વ પ્રકાશક મંડળ વ. તરફથી ઝવેરી હેમચંદભાઇ મોહનલાલના પ્રમુખપણા નીચે શોક સભા મળી હતી. દિલગીરીનો ઠરાવ કર્યા પછી અઠ્ઠાઇમહોત્સવ નિમિત્તે થયેલ ફંડથી અશાડ વદિ ૧૩થી શ્રાવણ શુ. ૪ સુધી શ્રીગોડીજી મહારાજના જિનેશ્વરમંદિરમાં અઠ્ઠાઇ-મહોત્સવ કરવામાં આવ્યો હતો.

## પોરબંદર

હાલમાં મુનિરાજશ્રી વિદ્યાવિજયજી મહારાજ પોરબંદર ચાતુર્માસ બિરાજમાન છે. શાસ્ત્રવિશારદ જૈનાચાર્ય શ્રી વિજયધર્મસૂરિ મહારાજનો ૨૦ મો જયન્તિ ઉત્સવ ભાદરવા શુદિ ૧૪ ના રોજ હોવાથી ભાદરવા શુદિ ૧૪ થી વદિ ૪ સુધી પોરબંદર નરેશ મહારાણા સાહેબ શ્રી નટવરસિંહજી સાહેબના પ્રમુખ-પણા નીચે ઊજવવાનું નક્કી થયેલ છે.

---

# જૈન જનતાને જાહેર વિજ્ઞપ્તિ.

**સદ્દગત શ્રી. સારાભાઇ મગનભાઈ મોદીની ઉદાર સખાવતથી શરૂ કરવામાં આવેલ "ઉચ્ચ અભ્યાસ શિષ્યવૃત્તિ ફંડ" તથા "લોન સ્કોલરશીપ ફંડ"ને ટેકો આપો.**

સદ્દગત શ્રી. સારાભાઇ મોદીએ ઇ. સ. ૧૯૨૪ માં રૂા. ૩૧૦૦૦)ની સખાવત જાહેર કરીને ઇંગ્રેજી ચોથા ધોરણથી ઇંગ્રેજી સાતમા ધોરણ સુધી તેમજ હિસાબી જ્ઞાન, હોસ્પીટલ એસીસ્ટંટ, મીડવાઇફ, નર્સીંગ, ટ્રેનીંગ સ્કૂલ વિગેરે લાઇનમાં ભણતા વિદ્યાર્થીઓને તથા વિદ્યાર્થિનીઓને નાની મોટી મદદ લોન રૂપે આપવાની યોજના શ્રી મહાવીર જૈન વિદ્યાલય મારફત શરુ કરી હતી અને એ ફંડદ્વારા તા. ૩૧-૫-૧૯૪૨ સુધીમાં વ્યાજ અને પાછી મળેલી રકમ મળી કુલ રૂા. ૫૭૬૯૦-૨-૯ ખર્ચાયા છે અને ૪૨૫ વિદ્યાર્થીઓને મદદ આપવામાં આવી છે.

એવી જ રીતે જુદી જુદી કૉલેજોમાં ભણતા વિદ્યાર્થીઓને નાનીમોટી શિષ્યવૃત્તિઓ આપવાના હેતુથી ઇ. સ. ૧૯૩૨માં સદ્દગત શ્રી. સારાભાઇ મગનભાઇ મોદીએ શ્રી મહાવીર જૈન વિદ્યાલયને રૂા. ૩૭૦૦૦) ની રકમ અર્પણ કરી હતી. આ યોજના મારફત વ્યાજ અને પાછી મળેલી રકમ મેળવતાં તા. ૩૧-૫-૪૨ સુધીમાં કુલ રૂા. ૫૪૫૦૭-૮-૦ ની લોનરૂપે ૨૧૪ વિદ્યાર્થીઓને મદદ પહોંચાડવામાં આવી છે.

હવે આ બન્ને ફંડો ખલાસ થયા છે. તેથી આ બન્ને ઉપરોક્ત યોજનાને જરૂરી આર્થિક જળસિંચન કરીને ચાલુ રાખવી એ શ્રીમાનોની ખાસ ફરજ છે.

આ વિજ્ઞપ્તિ ધ્યાનમાં લેતાં જે કોઇ સન્નારીની કે સદ્દગૃહસ્થની ઇચ્છા થાય તેણે નીચેના ઠેકાણે પાંચ વર્ષ સુધી પ્રત્યેક વર્ષે મન વધે તેટલી રકમની કબૂલાત લખી જણાવવા કૃપા કરવી.

**શ્રી મ. જૈન વિદ્યાલય.**
ગોવાલીયા ટેંક રોડ,
**મુંબઈ નં. ૭.**

**મોતીચંદ ગિરધરલાલ કાપડીઆ**
**ચંદુલાલ સારાભાઇ મોદી**
મંત્રીઓ,
શ્રી મહાવીર જૈન વિદ્યાલય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

आजना अंकनो वधारोः—

# य. वि. ग्रंथमाला—प्राइस लीस्ट

## जैन साहित्यना नीचेना अपूर्व ग्रंथोउपर--ओछामां ओछा रु. १५ ना ग्रंथो खरीदनारने १० टका कमीशन आपवामां आवशे.

| नाम | किं. रु. आ. पा. | नाम | किं. रु. आ. पा. |
|---|---|---|---|
| १ रत्नाकरावतारिका न्याय | ६—०—० | ११ जगद्गुरु काव्य | १—८—० |
| २ न्यायार्थ मंजूषा | ६—०—० | १२ निर्भयभीमव्यायोग | ०-१२-० |
| ३ शांतिनाथ महाकाव्य | ३—०—० | १३ अभिधान चिंतामणि कोष | १०—०—० |
| ४ विजयप्रशस्ति महाकाव्य | १०—०—० | १४ तत्वाख्यान पूर्वार्ध | १—०—० |
| ५ पार्श्वनाथ चरित्र पद्य | ७—०—० | १५ ,, उत्तरार्ध | २—०—० |
| ६ पांडव चरित्र गद्य | ५—०—० | १६ सप्तसंधान महाकाव्य | १—०—० |
| ७ मल्लिनाथ महाकाव्य | ५—०—० | १७ डीसकोरसीज | ०-१२-० |
| ८ नेमिनाथ महाकाव्य | ३—०—० | १८ विशेषावश्यक भाष्य—आठ भाग | ६०—०—० |
| ९ शब्द रत्नाकर कोष | २—०—० | १९ सप्तभंगी प्रदीप | ०—८—० |
| १० हैमविभ्रम | १—०—० | २० क्रियारत्न समुच्चय | २—०—० |

## नीचेना ग्रंथोमांथी ओछामां ओछा रु. १०ना ग्रंथो खरीदनारने ५० टका कमीशन आपवामां आवशे.

### संस्कृत विभाग

| नाम | किं. रु. आ. पा. | नाम | किं. रु. आ. पा. |
|---|---|---|---|
| १ आवश्यक निर्युक्ति पेज (१२० अपूर्ण) | ५—०—० | ७ सिद्धान्त रत्निका " | ०-१२-० |
| २ रत्नाकरावतारिका टिप्पण पंजिका—बे परिच्छेद. | १—०—० | ८ सिद्धहेमशब्दानुशासन मूळ | ०—६—० |
| | | ९ सिद्धहेम अकारादि सूत्र पाठ | ०—४—० |
| ३ सम्मतितर्क प्रथम भाग | १—०—० | १० छंदोनुशासन. | १—०—० |
| ४ अनेकांत जयपताका (पेज ३२० अपूर्ण) | ५—०—० | ११ कविकल्पद्रुम. | ०—४—० |
| ५ प्रमाण परिभाषा. ,, | १—०—० | १२ षद्दर्शन समुच्चय | ०—४—० |
| ६ धर्मदीपिका (व्याकरण) | २—०—० | १३ प्राचीन लेख संग्रह भा. १. | २—०—० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| नाम | | कि. रु. आ. पा. |
|---|---|---|
| १५ उपदेश तरंगिणी | पत्राकार | ३-०-० |
| १६ नलायन ( कुबेर पुराण ) | ,, | ९-०-० |
| १७ गुरुगुण रत्नाकर काव्य. | | ०-८-० |
| १८ शीलदूत. | | ०-६-० |
| १९ धर्ममहोदय | | ०-४-० |
| २० पृथ्वीचंद्रचरित्र ( पद्य ) | | २-०-० |
| २१ रत्नचूड कथा | | ०-८-० |

| नाम | कि. रु. आ. पा. |
|---|---|
| २२ पर्वकथा संग्रह | ०-६-० |
| २३ मुद्रित कुमुदचंद्र प्रकरण | ०-८-० |
| २४ गुर्वावली | ०-४-० |
| २५ जैन स्तोत्र संग्रह भा. २ जो. | ०-१२-० |
| २६ त्रैविद्य गोष्ठी | ०-८-० |
| २७ हरिभद्रसूरि चरित्र | ०-८-० |

## हिन्दी विभाग

| | |
|---|---|
| १ सूरीश्वर और सम्राट | ४-८-० |
| २ धर्मदेशना | २-०-० |
| ३ जैन तत्त्व दिगदर्शन | ०-३-० |
| ४ आत्मोन्नति दिगदर्शन | ०-४-० |
| ५ तेरापंथी हितशिक्षा | ०-८-० |
| ६ शिक्षा शतक ( कविता ) | ०-१-० |
| ७ विजय प्रशस्तिसार | ०-६-० |
| ८ आदर्श साधु | १-४-० |
| ९ गंगाधरजी के असत्य आक्षेपो के उत्तर | ०-१-० |
| १० अहिंसा दिग्‌दर्शन | ०-८-० |
| ११ सुजन सम्मेलन | ०-१-० |
| १२ जैनधर्म प्रकाश स्तवनावली | ०-२-० |
| १३ बाळ नाटको | ०-२-० |
| १४ श्रावकाचार | ०-४-० |
| १५ विजयधर्मसूरि अष्टप्रकारी पूजा | ०-१-० |
| १६ ब्रह्मचर्य दिगदर्शन | ०-८-० |

## गुजराती विभाग

| | |
|---|---|
| १ सूरीश्वर अने सम्राट | ३-८-० |
| २ प्राचीन श्वेताम्बर अर्वाचीन दिगम्बर | ०-२-० |
| ३ समयने ओळखो भा. १ लो. | १-०-० |
| ४ अै. राससंग्रह भा. ३ जो | २-८-० |
| ५ अै. राससंग्रह भा. ४ थो | २-८-० |
| ६ प्राचीन तीर्थमाळा संग्रह | २-८-० |
| ७ जैन शिक्षा दिग्‌दर्शन | ०-२-० |
| ८ धर्मदेशना | १-०-० |
| ९ इंद्रिय पराजय दिग्‌दर्शन | ०-६-० |
| १० धर्म प्रवचन | १-०-० |
| ११ देवकुलपाटक | ०-१-० |
| १२ जीवनबाग ( शि + दे ) | २-०-० |
| १३ धर्म प्रदीप | ०-६-० |
| १४ सम्यक्त्व प्रदीप | ०-४-० |
| १५ धर्मजीवन प्रदीप | १-०-० |
| १६ विहार वर्णन | ०-१२-० |
| १७ बंगभाषोपदेशिका भाग २ जो | १-०-० |
| १८ महाक्षत्रपराजा रुद्रदामा | २-०-० |
| १९ मथुरानो सिंहध्वज | १-०-० |
| २० प्राचीन भारतवर्षनुं सिंहावलोकन | १-०-० |
| २१ अशोकना शिलालेखो उपर दृष्टिपात | ०-४-० |
| २२ जगत अने जैनदर्शन | ०-२-० |
| २३ विजयधर्मसूरि जीवन | ०-४-० |
| २४ वास्तुसार प्रकरण गु. भा. साथे (जयपुर) | १०-०-० |
| २५ दर्शन चोवीशी ,, | २-८-० |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## अंग्रेजी विभाग

| नाम | किं. रु. आ. पा. |
|---|---|
| १ रेमिनिसेंसीज्ञ ओफ विजयधर्मसूरि | १–०–० |
| २ सेइंग्झ ओफ विजयधर्मसूरि | ०–४–० |
| ३ जैनधर्मनुं उत्कृष्ट स्वरुप (गुजराती साथे) | ०–२–० |
| ४ टीचर ओफ ह्युमिनीटी | ०–४–० |
| ५ केलीडोस्कोप ओफ जैन वीस्डम | ०–८–० |
| ६ धी हेरीटेज ओफ धी लास्ट अर्हत | ०–८–० |
| ७ एन इन्टरप्रीटेशन ओफ लॉझीक | ०–८–० |
| ८ जैनीझम-वोरननुं | १–०–० |
| ९ जैनीझम–लइनुं | १–०–० |
| १० लाइट ओफ धी सोल (गुजराती साथे) | ०–८–० |

## —: अलभ्य ग्रंथो. :—

### संस्कृत विभाग [ वीना कमीशन ]

| नाम | किं. रु. आ. पा. |
|---|---|
| १ त्रिषष्टि शलाकापुरुष चरित्र महाकाव्य प्रथम पर्व प्रत तथा पुस्तकाकारे (आ. स. भा) | १–८–० |
| २ विचार रत्नाकर प्रत ( दे. ला. ) | १–८–० |
| ३ पंच संग्रह प्रत ( ,, ) | १–८–० |
| ४ नवपद लघुवृत्ति ,, ( ,, ) | २–८–० |
| ५ जीव समास प्रकरण ( ,, ) | १–०–० |
| ६ लोकप्रकाश भाग त्रीजो ( ,, ) | १–८–० |
| ७ अनेकार्थ रत्न मंजूषा ( अष्टलक्षी ) | १–८–० |
| ८ सूयगडं ( पूना ) भाग. १ | १–८–० |
| ९ प्राकृत व्याकरणम् | २–८–० |
| १० परिशिष्ट पर्व ( डॉ. हर्मन जेकोबी ) | ६–०–० |
| ११ साहित्यदर्पण. | ४–०–० |
| १२ दीपमाला कल्प | २–८–० |
| १३ शालीभद्र चरित्र | ५–०–० |
| १४ विवेक मंजरी सटीक भा. १ लो. | २–०–० |
| १५ गौत्तमपृच्छा | १–०–० |
| १६ मोहराज पराजयम् (गा. ओ. सी.) | २–४–० |
| १७ वसन्तविलास महाकाव्यम् ,, | २–०–० |
| १८ न्याय प्रवेश पार्ट बीजो ,, | १–८–० |
| १९ विश्वलोचन कोश | १–८–० |
| २० कुवलयमाला कथा | ३–०–० |
| २१ देशी नाममाला कलकत्ता युनिवरसीटी | ११-०-० |
| २२ चतुर्विंशतिका ( आ. स ) | ४–०–० |
| २३ ,, जिनानंद स्तुति ,, | ४–०–० |
| २४ स्तुति–चतुर्विंशतिका ,, | ४–०–० |
| २५ स्याद्वाद मंजरी–हिंदीभाषांतर सहित | ५–०–० |
| २६ तत्त्वार्थाधिगम सूत्र. सटीक भा. १–२ | १०-०-० |
| २७ पञ्चाध्यायी | ०–८–० |
| २८ विशेषावश्यक भाष्य | ६०–०–० |
| २९ उत्तराध्ययन सूत्र कमलसंयमी भाग २, ३, ४, दरेक एकना | ३–८–० |
| ३० शृंगार वैराग्य तरंगिणी | ०–२–० |
| ३१ आबू ( गुजराती ) | २–८–० |
| ३२ अर्बुद लेख संग्रह (आबू भा. २ जो) | ३–०–० |
| ३३ ब्राह्मणवाडा | ०–४–० |
| ३४ सुभाषित पद्यरत्नाकर भा. १, २, ३, ४, दरेक एकना | १–४–० |
| ३५ हेमचंद्र वचनामृत | ०–८–० |
| ३६ जयन्त प्रबंध | ०–३–० |
| ३७ पर्युषणाष्टाह्निका व्याख्यान | भेट |

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



| नाम | किं. रु. आ. पा. | नाम | किं. रु. आ. पा. |
|---|---|---|---|
| ३८ विजयधर्मसूरिके वचन कुसुम | ०–१–० | ४० शंखेश्वर महातीर्थ | १–४–० |
| ३९ दीक्षा–व्रतविधि | भेट | ४१ संस्कृत–प्राकृत स्तवन संदोह | ०–३–० |

१ प्राकृत शब्दमहार्णवो कोष पं. हरगोविददासकृत भाग १–२–३
२ तत्वार्थ सूत्र पं. सुखलालजीकृत हिंदी विवेचन सहीत
३ वीर प्रवचन मो. दी. चोकसीकृत
४ अध्यात्म तत्वालोक संस्कृत-अंग्रेजी-गुजराती
५ ,, ( प्राकृत-अंग्रेजी न्यायविशारद् न्यायविजयजीकृत )
६ द्वाश्रय महाकाव्य संस्कृत
७ आर्हत दर्शन दिपीका
८ रीव्यु ओफ जैनीझम
९ शब्द चिंतामणी कोष
१० पउमचरीयम्
११ योगशास्त्र सटीक
१२ सिद्धहेम शब्दानुशासन ( लघुवृत्ति )
१३ अमारा गुरुदेव ( ले. सुशील )
१४ हुं अने मारी बा (ले. सुशील)
१५ नेचरक्योर ( कुदरती उपचार )

## सूचनाओ

१ छूटक पुस्तक मंगावनारने पोस्ट खर्च–रेल्वे खर्च विगेरे आपवो पडशे.

२ एकी साथे १०० रु. उपरांतना अमारी संस्थाना पुस्तको खरीदनारने फ्री डीलीवरी आपवामां आवशे.

३ अमारी ग्रंथमाळा उपरान्त जैन धर्म प्रसारक सभा, जैन आत्मानंद सभा, विजयधर्मसूरि जैन ग्रंथमाळा उज्जैन, गायकवाड ओरियेंटल सीरीझ–विगेरे संस्थाओनां अलभ्य पुस्तको पण मेळवी आपवा प्रयत्न करवामां आवशे. कोइपण प्रकारना जैन साहित्य छपायेल के, हस्तलिखित माटे अमोने लखी जणाववा विनंति छे.

लखो :—

**अभयचंद भगवानदास गांधी**
C/o. श्री यशोविजयजी जैन ग्रंथमाळा
हेरीस रोड, भावनगर.

श्री महोदय प्रेस–भावनगर.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી વાસુપૂજ્ય (પ્રભુ) ચરિત્ર.

(શ્રી વર્ધમાનસૂરિકૃત.)

૫૪૭૪ શ્લોકપ્રમાણ, મૂળ સંસ્કૃત ભાષા અને સુંદર શૈલીમાં વિસ્તારપૂર્વક જુદા જુદા આગમો તથા પૂર્વાચાર્યોકૃત અનેક ગ્રંથોમાંથી દોહન કરી **શ્રીમાન વર્ધમાનસૂરિજીએ સં. ૧૨૯૯** ની સાલમાં લખેલો આ અપૂર્વ ગ્રંથ છે. રચનાર મહાત્માની કવિત્વશક્તિ અદ્ભુત છે, તેમાં આવેલ સર્વ પ્રકારના રસોની પરિપૂર્ણતા જ બતાવી આપે છે. તેનું આ સાદું, સરલ અને સુંદર ભાષાંતર છે. ઊંચા એન્ટીક કાગળો ઉપર સુંદર ગુજરાતી અક્ષરોમાં છપાવેલ છે.

આ ગ્રંથમાં પ્રભુના ત્રણ ભવો, પાંચ કલ્યાણકો અને ઉપદેશક જાણવા યોગ્ય મનનીય સુંદર બોધપાઠો, તત્ત્વજ્ઞાન, તપ વગેરે સંબંધીની વિસ્તૃત હકીકતોના વર્ણનો સાથે પુણ્ય ઉપર પુણ્યાઢ્ય ચરિત્ર, રાત્રિભોજન ત્યાગ અને આદર, બારવ્રત, રોહિણી આદિની અનેક સુંદર, રોચક, રસપ્રદ, આહ્‌લાદક કથાઓ આપેલી છે. કે જેમાંની એક કથા પૂરી થતાં બીજી વાંચવા મન લલચાય છે અને પૂરી કરવા ઉત્સુકતા થાય છે. તે તમામ કથાઓ ઉપર ગ્રાહ્ય અને સુંદર ઉપદેશ પણ સાથે આપેલ છે. પ્રભુના ત્રણ ભવોના–જીવનના નહિ પ્રગટ થયેલ જાણવા જેવાં અનેક પ્રસંગો અને કેવળજ્ઞાન પ્રાપ્ત થયા પછી પ્રભુએ સ્થળે સ્થળે વિચરી આપેલ વિવિધ વિષયો ઉપર આદરણીય દેશનાઓ એ તમામ આ ગ્રંથમાં આપવામાં આવેલ છે. પ્રભુના વિવિધ રંગની સુંદર છબીઓ પણ આપવામાં આવેલ છે. ફોર્મ ૩૫, પૃષ્ઠ સંખ્યા ૨૪૦.

એકંદરે આ ચરિત્ર પહેલેથી છેલ્લે સુધી મનનપૂર્વક વાંચવા જેવું અને પઠનપાઠનમાં નિરંતર ઉપયોગ કરવા યોગ્ય છે, જેને માટે વિશેષ લખવા કરતાં અનુભવ કરવા જેવું છે.

**કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ જુદું.**

(આ ગ્રંથ માટે મુનિમહારાજાઓ વગેરેના જે સુંદર અભિપ્રાયો મળે છે તેની નોંધ માસિકમાં આપવામાં આવે છે.)

# ભાઈ છોટાલાલ હીરાચંદનો સ્વર્ગવાસ.

ગયા શ્રાવણ વદિ ૯ ને શુક્રવારના રોજ થોડા દિવસની બિમારી ભોગવી ભાઈ છોટાલાલ ૬૯ વર્ષની ઉમરે સ્વર્ગવાસ પામ્યા છે. શ્રી છોટાલાલભાઈ સ્વભાવે સરલ, સારી સ્થિતિ છતાં સાદાઈ અને દેવગુરુધર્મના ઉપાસક હતા. ધર્મ ઉપર અત્યંત પ્રેમ હતો. વ્યાપારની કુશળતાથી આર્થિક સ્થિતિ સારી થતાં સમયને ઓળખી, લક્ષ્મીની ચંચળતા જાણી મળેલી સુકૃત લક્ષ્મીને ધાર્મિક કોઈપણ કાર્યમાં યથાશક્તિ વાપરતા હતાં, ગુપ્તદાન ચાલુ હતું. કોઈ જૈનબંધુ તેમની પાસે આવતાં કંઈપણ રકમ આપતાં; આપતાં છતાં નહિ કીર્તિનો લોભ, નહિ નામની અપેક્ષા અને તે સઘળું નિરાભિમાનીપણે થતું. ધર્મશ્રદ્ધા, સુકૃતની લક્ષ્મીનો ધર્મકાર્યોમાં સદ્વ્યય અને શ્રદ્ધાળુ હૃદય તે ત્રિપુટીનો યોગ તેમનામાં હતો. તેઓના સ્વર્ગવાસથી ભાવનગર જૈનસમાજમાં એક યોગ્ય જૈનબંધુની ખોટ પડી છે. આ સભાના તેઓ ઘણા વર્ષથી સભ્ય હતા; તેમજ સભા ઉપર પૂર્ણ પ્રેમ ધરાવતા હતા, જેથી એક લાયક સભાસદ બંધુની પણ ખોટ પડી છે. તેઓશ્રીના આત્માને અનંત શાંતિ પ્રાપ્ત થાઓ તેમ પરમાત્માની પ્રાર્થના કરવા સાથે તેઓના સુપુત્ર ભાઈ વૃજલાલ, ભાઈશ્રી છોટાલાલભાઈના પગલે ચાલી યશમાં વૃદ્ધિ કરે તે દિલાસો દેવા સાથે સૂચવીએ છીએ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

Reg. No. B. 431


## શ્રી પ્રભાચંદ્રસૂરિવિરચિત–

# શ્રી પ્રભાવક ચરિત્ર ( ભાષાંતર ) ઐતિહાસિક ગ્રંથ.

આ એક ઐતિહાસિક કથા–સાહિત્યના આ ગ્રંથમાં વર્તમાનકાળના બાવીશ પ્રભાવક આચાર્યમહારાજના જીવન ઉપર કર્ત્તા મહાપુરુષે સારો પ્રકાશ પાડ્યો છે. જે જે મહાન આચાર્યનો પરિચય આપ્યો છે તેમાં તે સમયની સામાજિક, ધાર્મિક, રાજકીય પરિસ્થિતિ, ઐતિહાસિક દષ્ટિએ આપી સુંદર ( ભાષાંતર ) પ્રમાણિક ઐતિહાસિક ગ્રંથ બનાવ્યો છે. મુનિરાજ શ્રી કલ્યાણવિજયજી મહારાજે ઐતિહાસિક દષ્ટિએ સુંદર પર્યાલોચના લખી તે ગ્રંથની રચનામાં સુંદરતા વધારી પ્રમાણિક જૈન કથાસાહિત્યમાં ઉમેરો કર્યો છે. એવી સરલ, સુંદર અને સરલતાપૂર્વક રચના કરેલ હોઇને આ ગ્રંથને અમુક અમુક જૈન શિક્ષણશાળાઓ માટે ધાર્મિક અભ્યાસક્રમમાં સ્થાન મળેલ છે. આ ઉપયોગી સાહિત્ય ગ્રંથ હોવાથી વાંચતાં પણ ખાસ આનંદ ઉત્પન્ન કરે તેવો છે. કિંમત રૂા. ૨–૮–૦ પોસ્ટેજ અલગ.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા–ભાવનગર.

---

# શ્રી તીર્થંકર ભગવાનના સુંદર ચરિત્રો.

| | | | |
|---|---|---|---|
| ૧. શ્રી ચંદ્રપ્રભુ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ | ૪. શ્રી વિમલનાથ ચરિત્ર. | રૂા. ૧-૧૨-૦ |
| ૨. શ્રી સુપાર્શ્વનાથ ચરિત્ર ભાગ ૧ લો. | રૂા. ૨–૦–૦ | ૫. શ્રી મહાવીર ચરિત્ર. | રૂા. ૩–૦–૦ |
| ૩. સદર ભાગ ૨ જો. | રૂા. ૨–૮–૦ | ૬. શ્રી વાસુપૂજ્ય ચરિત્ર. | રૂા. ૨-૮–૦ |

રૂા. ૧૩-૮–૦

ઉપરના વિસ્તારપૂર્વક ચરિત્રો એક સાથે બધાં લેનારને અમારા તરફથી પ્રકટ થયેલ અનેક સુંદર ચિત્રો સહિત સાદા કપડાનાં પાકા બાઇન્ડીંગવાળો **શ્રીપાલ રાસ** અર્થ સહિત ( રૂા. ૨–૦–૦ ની કિંમતનો ) ભેટ આપવામાં આવે છે. એકલો શ્રીપાળ રાસ લેનારને રૂા. ૧–૪–૦ માં આપવામાં આવશે. ( પોસ્ટેજ અલગ )

---

# કર્મગ્રંથ ભાગ ૧–૨ સંપૂર્ણ.

## સિલિકે ઘણી થોડી નકલો રહી છે.

**૧. સટીક ચાર કર્મગ્રંથ શ્રીમદ્દેવેન્દ્રસૂરિવિરચિત–પ્રથમ ભાગ રૂા. ૨–૦–૦**

**૨. શતકનામા પાંચમો અને સપ્તતિકાભિધાન છઠ્ઠો કર્મગ્રંથ, દ્વિતીય ભાગ રૂા. ૪–૦–૦**

ઘણી જ કાળજીપૂર્વક તેનું સંશોધન, અમારી પ્રસ્તુત આવૃત્તિમાં સાવધાનપણે સંપાદક મહાપુરુષોએ આ બંને ગ્રંથોમાં કર્યું છે અને રચના, સંકલના વિદ્વતાપૂર્ણ કરવામાં આવેલ છે; જે ગ્રંથ જોયા પછી જ જણાય તેવું છે. બાકી તેની સાથે ગુજરાતી ભાષામાં આપેલ પ્રસ્તાવનામાં વિગતો, ગ્રંથકારનો પરિચય, વિષયસૂચિ, કર્મગ્રંથનો વિષય કયા ગ્રંથોમાં છે તેની સૂચિ, પારિભાષિક શબ્દના સ્થાનદર્શક કોશ, શ્વેતાંબરીય કર્મતત્ત્વવિષય શાસ્ત્રોની સૂચિ, કર્મવિષયના મળતાં ગ્રંથો, છ કર્મગ્રંથાન્તર્ગત વિષય દિગંબરી શાસ્ત્રોમાં કયા કયા સ્થળે છે તેનો નિર્દેશ વગેરે આપવામાં આવેલ હોવાથી અભ્યાસીઓ માટે ખાસ ઉપયોગી થયેલ છે, જે પ્રથમ બહાર પડેલ કર્મગ્રંથ કરતાં અધિકતર છે.

ઊંચા એન્ટીક કાગળો ઉપર, સુંદર ટાઇપો અને મજબૂત તથા સુંદર બાઇંડીંગમાં બંને ભાગો પ્રકટ થયેલ છે. કિંમત બંનેના રૂા. ૬–૦–૦ પોસ્ટેજ જુદું.

લખો:—શ્રી જૈન આત્માનંદ સભા—ભાવનગર.


( શ્રી મહોદય પ્રિન્ટીંગ પ્રેસમાં શાહ ગુલાબચંદ લલ્લુભાઇએ છાપ્યું.—ભાવનગર. )

For Private And Personal Use Only